ભયંકર ભેદ.

અત્યુત્તમ રસમય ડીટેક્ટીવ નવલ કથા.

પ્રયોજક,

ભાનુપ્રસાદ મણિરાય વ્યાસ.

છાપી પ્રસીદ્ધ કરનાર,

વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવન,

૩૦૫, બઝારગેટ, સુબોધિની પ્રિં. પ્રેસ, કોટ, મુંબઈ.

પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

કિંમત ૦-૧૨-૦.

Printed & Published by Vaidya Bhagvanlal Tribhuvan
at The Subodhini Printing Press,
305, Bazar Gate, Fort, BOMBAY.

અમારા બે બોલ.

મુંબઈ ગુજરાતી પત્રના વિદ્વાન ગ્રાહકોના કોમલ કરકમલમાં મૂકવા માટે આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. અસલ બંગાલી ઉપરથી હિન્દીમાં ભાષાન્તર થયેલા એ પુસ્તકના પ્લોટના આધારે આ પુસ્તક લખવામાં આવ્યું છે. દીપાવલી છેક નજીક આવી પહોંચવાથી અને દીપાવલીના શુભ પ્રસંગે આ પુસ્તક મુંબઈ ગુજરાતી પત્રના ગ્રાહકોના હાથમાં મૂકવાનો નિશ્ચય થવાથી ચાર દિવસ જેટલા ટુંક સમયમાંજ આ પુસ્તક લખવા તથા છાપવામાં આવ્યું છે. તેથી ઉતાવળને લીધે પ્રુફ સુધારવામાં રહી ગયેલી ભૂલો માટે પ્રથમથીજ માફી માગવામાં આવે છે. અમને આશા છે કે સુજ્ઞ વાંચકો તે બદલ દરગુજર કરશેજ.

ધનત્રયોદશી ૧૯૭૧ \
કોટ, મુંબઈ.

વ્યવસ્થાપક.

અનુક્રમણિકા.

વિજ્ઞપ્તિઃ—ઉતાવળમાં આ પુસ્તક પ્રકટ થયેલ હોવાથી પ્રુફ સુધારવામાં રહેલી ભુલ માટે ક્ષમા યાચના કરતાં પાન ૨ ની લાઇન ૧૬ માં 'લાલ' ને બદલે 'લીલી' અને પાન ૩૧.નીં લાઇન ૨૬ માં 'શહેનશાહની' ને બદલે 'શેરશાહની' એમ સુધારીને વાંચવા વિજ્ઞપ્તિ છે.

ભયંકર ભેદ.

પ્રકરણ ૧ લું.

પારસી બાનુ ગુમ !

મહેરબાન ! જરા મને ગાદીમાં બેસવાની ગોઠવણ કરસો ?" એક પારસી યુવકે ગભરાતાં મારી પાસે આવી કહ્યું,

પ્રિય પાઠક ! જે વખતની હું વાત કરી રહ્યો છું તે વખતે હું કલકત્તા મેલમાં ગાર્ડનું કામ કરતો હતો. હું એક અમેરિકન છું અને કેટલાંક ખાસ કારણોને લીધે હિન્દમાં આવ્યો હતો. સન ૧૮૮૦ ના જાન્યુઆરી માસની ૨૧ મી તારીખે મેં આ નોકરી કરવી શરૂ કરી હતી અને પાંચ મહિનામાંજ આ અપૂર્વ ઘટના બની હતી. ૨૧ મી જુનની રાત્રે મેલ ટ્રેન ઉપડવાની તૈયારીમાં હતી તે વખતે એક પારસી યુવકે દોડતાં દોડતાં આવી મને ઉપર પ્રમાણે આજીજી સાથે કહ્યું. મેં જવાબ આપ્યોઃ—

"માફ કરો સાહેબ ! ગાડીનો વખત થઇ ગયો છે,"

આ સાંભળતાંજ તે યુવકની આંખમાં પાણી ભરાઇ આવ્યું તે હાથ જોડી અતિ વિનીત ભાવે બોલ્યોઃ—

"સાહેબ ! મારે મારી બૈરી સાથ જબલપુર જવું છ. આ ગાદી ઉપડી જસે તો અમોરો જીવ બચસે કે કેમ તેની પણ મને સંકા રહે છ."

તેના આ શોકાકુલ શબ્દોમાં નિરાશાની છાયા સ્પષ્ટ જણાતી હતી. મારૂં હૃદય પીગળી ગયું. તેને હું મારી સાથે લઈ સેકન્ડ કલાસ તરફ ગયો. ઉતારૂઓથી સ્ટેશન ખીચોખીચ ભરાઈ ગયું હતું તેથી તેને બેસાડતાં જરા વાર લાગી અને ગાડીને ઉપડવાનો વખત પણ થઇ ગયો. જેમ તેમ પણ તેને સારી જગ્યા મળી કે તરતજ યુવક વેઈટીંગ રૂમમાંથી પોતાની સ્ત્રીને લઇ આવ્યો. તેની પાસે સામાનમાં ફકત એક નાની પેટીજ હતી. હું તે સ્ત્રીને સ્ત્રીઓને માટેના ખાસ ડબ્બામાં બેસાડતો હતો પરન્તુ તે યુવકે મને તેમ કરતાં અટકાવ્યો અને બોલ્યો:—

"સાહેબ! દરગુજર કરજો. એને એકલી રાખવી એ ઘનુંજ દુઃખદાયક છે. એ મારી સાથે બીજા વર્ગમાંજ બેસસે"

"જોતા નથી કે બીજા વર્ગનો ડબ્બો યુરોપીઅનોથી કેવળ ભરાઇ ગયો છે?" મેં જરા ગુસ્સાથી કહ્યું.

"કંઇ ચિંતા નહીં" તે યુવકે ધીમેથી જવાબ આપ્યો

યુવકની વાત સાંભળી મને કંઇક વ્હેમ આવવા લાગ્યો. મેં તેને બીજા વર્ગના ડબામાં બેસાડી દઇ ચાવી લગાવી દીધી. ગાડી ઉપડવાની સીટી મારી લાલ બત્તી બતાવી. હું મારા ડબ્બા તરફ ગયો. ગડગડ શબ્દ કરતી ગાડી ઉપડી સ્ટેશન છોડી થોડેક આગળ જતાં મને એક માણસ પુર ઝડપથી ચાલતી ગાડી પર ચઢતો જણાયો. તેનાં વસ્ત્ર કાળાં હતાં પરન્તુ ચ્હેરા તરફ જોતાં તે કોઇ યુરોપીયન જેવો માલુમ પડતો હતો.

તેનું આવું સાહસ જોઈ હું તો સ્તબ્ધજ બની ગયો. મને વારંવાર વિચાર આવવા લાગ્યા કે "તેને આવી રીતે ગાડીમાં ચઢવાનું શું કારણ હશે! તેમજ ચાલતી ગાડીએ ચઢવું તે જીવના જોખમનું કામ છે તે તે નહિં જાણતો હોય? ગમે તેમ હોય પરન્તુ સામાન્ય મનુષ્યોને માટે આવી રીતે ગાડીપર ચઢવું સહેલ નથી. તેમ તેઓ આવું સાહસ પણ શા માટે કરે? હજારો અગત્યનાં કામો હોય છતાં તેનાથી પોતાનો જીવ વધુ વહાલો હોય છે." આવા વિચારો આવતાં છેવટે હું એવા નિશ્ચયપર આવ્યો કે તે માણસના મનમાં કાંઇકે ને કાંઇક લુચ્ચાઇ હોવી જોઇએ; અને તેથી આવતા સ્ટેશનપર જરૂર તેની તપાસ કરવાનો નિર્ણય-મેં કરી લીધો.

તે રાત્રિ ઘણીજ ભયાનક હતી. વર્ષાદનું જોર સંધ્યાકાળથી જ શરૂ થઈ ચુકયું હતું. રાત્રિના વધવા સાથે વર્ષાદનું જોર પણ વધતું જ હતું; પરન્તુ પ્રકૃતિની આ ભયાનક પ્રગતિ છતાં કલકત્તા મેલ ટ્રેન પણ પુર વેગમાં માર્ગ કાપતી હતી. આ વખતે મારા મનમાં એકાએક એવો વિચાર આવ્યો કે પેલાં પારસી યુવક અને યુવતીના મુંબઇ ત્યાગ સાથે આ મનુષ્યને કાંઇ સંબંધ તો નહીં હોય ?

રાત્રે બરાબર અગીઆર વાગે ટ્રેન ઇગતપુરી સ્ટેશને પહોંચી. આ સ્ટેશનપર ગાડી ઘણીજ થોડી વાર ઉભી રહે છે, છતાં પેલામાણુસનો પત્તો મેળવવાના હેતુથી હું ગાડીમાંથી ઉતરી પડયો. આ સ્ટેશન પર ગાડી ત્રણુ મીનીટથી વધુ થોભતી ન હોવાથી મેં તરતજ સ્ટેશન-માસ્તર પાસે જઇ કહ્યું:—

" મુંબઇથી ગાડી છુટયા પછી એક માણુસ ચાલતી ગાડીમાં ચઢી ગયો છે. મહેરબાની કરી પોલીસને બોલાવો, હું તેને પકડવા ઈચ્છું છું."

" તે હિન્દુસ્થાની હતો કે યુરોપીયન ? " સ્ટેશન માસ્તરે આશ્ચર્યથી પૂછ્યું.

" કપડાં ઉપરથી તો યુરોપીયન જેવો માલુમ પડતો હતો. " મેં જવાબ વાળ્યો.

" તે કયા વર્ગના ડબામાં આવ્યો તે તમે જોયું હતું ? " સ્ટેશન માસ્તરે મને વળતો પ્રશ્ન કર્યો.

" ચોકસ તો નથી કહી શકતો, પરન્તુ પહેલા કે બીજા વર્ગની વચમાંના કોઈ ખાનામાં તે ચઢયો છે. "

આટલી વાત કરતામાં તો ત્રણુ મીનીટ નીકળી ગઈ અને ગાડી ઉપડવાનો ઘંટ વાગ્યો. મેં આજીજીથી સ્ટેશન માસ્તરને કહ્યું:—

" સાહેબ ! જરાવાર ગાડી થોભાવવાનો હુકમ આપો તો શું બીના બની છે તે હું જરા તપાસ કરી લઉ. "

" આટલા માટે એવો હુકમ આપવો હું ઉચિત સમજતો નથી. હું તમારી સાથે એક પોલીસ સીપાઇ આપુ છું; જ્યાં અનુકુળ લાગે ત્યાં તમે તેને પકડી પોલીસને હવાલે કરી દેજો "

લાચારીથી મારે તેની વાત માનવી પડી. પોલીસ સીપાઈ આવી

મારી સાથે ગાડીમાં બેઠો અને ગાડી ઉપડી. આટલું છતાં ગાડી ત્યાં પાંચ મીનીટ રોકવી પડી હતી.

મનમાડનું સ્ટેશન એક મોટું જંકશન છે ત્યાં કેટલીએ લાઇનો ભેગી થતી હોવાથી ગાડી ત્યાં ઘણો વખત સુધી ઉભી રહે છે. ગાડી ત્યાં પહોંચતાંજ હું પોલીસ સીપાઇને સાથે લઇ ઉતરી પડયો અને પહેલા અને બીજા વર્ગની ગાડી તરફ દોડયો.

પેલો પારસી યુવક તથા યુવતી હજી જાગતાંજ બેઠાં હતાં. તે ડબામાંના બીજા ઉતારૂઓ સુઇ રહ્યા હતા. ત્યાં પહોંચતાંજ મેં પેલા પારસી યુવકને પૂછ્યું:—

" તમે આ ગાડીમાં કોઇને ચઢતાં જોયો હતો ? "

મારા આ પ્રશ્નથી આશ્ચર્ય પામતાં તે બોલી ઉઠયો:—" કોણને ? કયારે અને કયા સ્ટેશન પરથી ? "

" જે વખતે ગાડી મુંબઇથી ઉપડી તે વખત. "

" ત્યાંથી તો ઘનાં માણસો ચઢયાં હતાં. આપ કોણના સંબંધમાં પુછોછો ? કાંઇ સમજાતું નથી. " તેણે આશ્ચર્યચકિત થતાં પૂછ્યું.

" જે વખતે મુંબઇથી ગાડી ઉપડી તે વખતે એક માણસને દોડતી ગાડીમાં કુદકો મારી ચડતાં જોયો છે. "

મારી વાત સાંભળતાંજ તે યુવકના ચ્હેરાનો રંગ ઉડી ગયો. પેલી યુવતીએ મારી પાસે આવી પૂછ્યું;--

" સું ખરેખર આપે કોઇને ગાદી ઉપર ચઢતાં જોયો છ ? "

" મેં મારી નજરે જોયું તેમાં વળી શંકા હોય ? " મેં દ્રઢતાથી જવાબ આપ્યો.

" તે હિન્દુસ્થાની ઉતો કે યુરોપીયન ?" તે સ્ત્રીએ પુછ્યું.

" યુરોપીયન જેવો જણાતો હતો. "

તે યુવતી વધુ ન બોલી, પરન્તુ તેણે પોતાના બન્ને હાથો પોતાના મોઢાપર ઢાંકી દીધા. મેં ફરીથી તે યુવકને પૂછ્યું:—

" ત્યારે આ ડબામાં તો કોઇ નથી આવ્યું કેમ ?"

" ના, કોઇને જોયો તો નથી " તેણે જવાબ વાળ્યો.

પછી મેં પ્રત્યેક ખાનામાં જઇ એજ પ્રશ્ન કર્યો, પણ આંખરે નિરાશ થઇ પાછું ફરવું પડયું. મને વળી વિચાર આવ્યો કે મને શું ભ્રમ થયો હશે? પણ વળી મારૂં અંતઃકરણ એ બનાવની સાક્ષી આપવા લાગ્યું. તે મનુષ્યના ચઢવાની વાત સાંભળતાંજ પેલા પારસી યુવકના ચ્હેરાનો રંગ બદલાતો મેં સ્પષ્ટ રીતે જોયો હતો. તેની તે વખતની સ્થિતિ જોઈ મારો સંદેહ વધુ દૃઢ થઈ ગયો. મેં ફરીથી કુતુહલવશ થઇ તેની પાસે જઈ પૂછ્યું:--

"સાહેબ! બેઅદબી માફ કરો. હજી મારે તમને કાંઇક પૂછવાનું છે."

"ભલે! ખુસીથી પૂછો." તેણે જવાબ વાળ્યો.

"આપનું નામ?"

"માનેકજી દોરાબજી."

"આપનું ગામ?"

"મુંબઈ."

"આપના પિતાનું નામ?"

"ઓનરેબલ દોરાબજી પેસ્તનજી સી. આઇ. ઇ."

તે સમયે દોરાબજીનું નામ આખા મુંબઇમાં ઘણુંજ પ્રખ્યાત હતું. ભાગ્યેજ કોઇ માણુસ એ નામથી અજાણ્યું હશે, માણેકજી એક આવા મોટા ઘરનો છોકરો હોવા છતાં રાત્રિએ કેમ મુંબઇથી નાશી જતો હશે? એ પ્રશ્ન મારા મનમાં ઉપસ્થિત થયો. મેં મારી જીજ્ઞાસા દબાવી તેને ધીમેથી પૂછ્યું:—

"શું તમે કોઇ શત્રુની જાળમાં સપડાઇ ગયા છો?"

"હાજી." તેણે જવાબ આપ્યો.

"જેની જાળમાં તમે ફસી પડયા છો તેણે તમારી પૂઠ પકડી છે?"

"કદાપિ તેને પૂંથ નહીં પકડી હોય પરન્તુ તેના માનસો જરૂર અમારી પૂંથે લાગ્યા હોસે."

"શું તે તમારો જીવ લેવા ઇચ્છે છે?" મેં પૂછ્યું.

"મારો નહિં, પરન્તુ મારા જીવથી પણ જે વધુ છે તેનો જીવ લેવા તેઓ જાલ ફેલાવી રહ્યા છ."

"શું આપની સ્ત્રીનો?" મેં આશ્ચર્યથી પૂછ્યું.

"હા, સાહેબ!" તેણે નિશ્વાસ નાખતાં જણાવ્યું.

"ત્યારે તો એક માણસને ગાડીમાં ચઢવાનું કારણ પણ મળતું આવે છે."

"અમારી પૂઠ પકડવી અસંભવીત નથી. પરન્તુ હું આજે મુંબઇ છોડી જવાનો છ તેની કોઇને ખબર નહોતી."

"શત્રુઓને માટે શું અસાધ્ય છે?

આ વખતે વળી ગાડી ઉપડવાનો ઘંટ વાગ્યો. હું લાચાર થઇને તેની પાસેથી વિદાય થતાં બોલ્યોઃ–"જરા સાવધ રહેજો. સુઇ જશો નહિં. હું પ્રત્યેક સ્ટેશનપર તમારી પાસે આવતો રહીશ. જો કાંઇ આપત્તિ આવે તો આમાંનો વીજળીક ઘંટ વગાડજો. હું તરતજ ગાડી થોભાવીને તપાસ કરી જઇશ."

આમ કહી હું પાછો બ્રેકમાં આવ્યો. મેલ પણ પૂર જોશમાં આગળ વધવા લાગી. કેટલીક વાર પછી મારી આંખો મીચાવા લાગી. પરન્તુ હું ઉંઘ્યો ન ઉંઘ્યોને વીજળીક ઘંટનો અવાજ મારે કાને પડયો. એકાએક મારી બ્રેકનો ભયસૂચક ઘંટ (ડેન્જર સીગ્નલ) વાગી ઉઠયો. મેં તરતજ બ્રેક બાંધી લીધી અને લાલ ફાનસ બતાવી ડ્રાઇવરને ગાડી રોકવા સંજ્ઞા કરવા લાગ્યો, જેનો અમલ ડ્રાઇવરે તુરતજ કર્યો. ગાડીના ઉભા રહેતા પહેલાંજ હું હાથમાં ફાનસ લઇ કુંદી પડયો. મારી સાથેનો પોલીસ સીપાઇ જે ઘસઘસાટ ઉંઘ્યા કરતો હતો તે પણ અચાનક ગાડીના ઉભા રહેવાથી જાગી ઉઠયો અને જ્યારે હું બીજા વર્ગની ગાડી આગળ પહોંચ્યો તે વખતે તે પણ ગાડીમાંથી ઉતર્યો, મેં ઘણીજ ઝડપથી માણેકજીવાળા ડબ્બાપાસે આવી તેનું બારણું ઉઘાડયું. તેજ વખતે તે ડબ્બાના સામી બાજુને દરવાજેથી એક ભીષણકાય મનુષ્ય એક સફેદ કપડામાં સંતાડેલી એક મોટી ચીજ ખાંધપર લઇ ઝડપથી જતાં જણાયો.

પ્રકરણ ૨ જું.

મદદ.

જે સ્થળે ગાડી ઉભી હતી તે જગ્યા ઘોર અંધકારમય અને ઘણીજ ભયંકર હતી. ચારે બાજુએ પહાડ અને જંગલ સિવાય બીજું કાંઇજ નહોતું. ગાડીમાંના અજવાળાથીજ તે માણસ જતો જણાયો હતો ડબ્બામાં દાખલ થઇ તપાસ કરતાં સામેનો દરવાજો પણ ખુલ્લોજ માલુમ પડયો, વળી મીસીસ માણેકજી ત્યાં જણાતી નહોતી; અને માણેકજી તો સોફા ઉપર ઘોર નિદ્રામાં પડયો હતો. નિદ્રામાં પણ વિપત્તિની આશંકાનાં વિષાદમય ચિન્હો તેના મુખ પર છવાઇ રહેલાં જણાતાં હતાં. તેને સુતેલો જોતાંજ કેવી દુર્ઘટ અને શોચનિય ઘટના બની હતી તે મારા સમજવામાં આવી ગયું. મારૂં અંતઃકરણ વારંવાર કહેવા લાગ્યું કે "હાય ! માણેકજી ! તું કેમ સુઇ રહ્યો !"

એ ખાનામાં બીજા પાંચ યુરોપીયનો પણ સુતા હતા. મેં માણેકજીને ઘણી બુમો પાડી પણ તેણે કાંઇ જવાબ ન આપ્યો. તેને જોરથી ઢંઢોળતાં પણ તેની ઉંઘ ન ઉડી. આથી તેના ગાલ અને હાથ પર હાથ મૂકયો પણ તેથી તો મારો ગભરાટ ઘણોજ વધી પડયો. બન્ને જગ્યા બરફ જેવી ઠંડી લાગતી હતી. મને તરતજ શંકા થવા લાગી કે માણેકજી જીવતો છે કે મરી ગયેલો ? મેં તેના હૃદયપર હાથ મૂકયો તો તે ઘણુંજ ધીમું ધીમું ધડકતું જણાયું અને શ્વાસ પણ કેવળ મંદ ચાલતો હતો. આ વખતે પેલો પોલીસ સીપાઇ પણ ત્યાં આવી પંહોંચ્યો. મેં તેને ડબામાંના બીજા ઉતારૂઓને જગાડવાને કહ્યું. તેણે ઘણી મુશ્કેલીથી એક સાહેબને જગાડયો. સાહેબ આંખો ચોળતો ચોળતો બોલ્યોઃ—

"કયુ સ્ટેશન આવ્યું ?"

" મહેરબાન ! આ સ્ટેશન નથી. " મેં જવાબ આપ્યો.

" ત્યારે ગાડી કેમ ઉભી રહી છે ? "

" તમારાવાળા ડબ્બામાંજ એક શોચનિય બનાવ બન્યો છે, તેથી ગાડી ઉભી રાખવી પડી છે. "

" શું થયું છે ? " સાહેબે વિસ્મયતાથી પૂછ્યું.

" તમે આ ખાનામાં એક પારસી સ્ત્રીને બેઠેલી જોઈ હતી ? "

" હા, જોઇ તો હતી. તે કયાં ગઈ ? શું તેના પર કાંઈ સંકટ આવી પડયું છે ? "

" હા, એમજ લાગે છે. તે આ ખાનામાં જણાતી નથી." માણેકજી તરફ આંગલી કરતાં મેં વધાર્યું. " આ તેના સ્વામી છે. એ કયી વખત સુઈ ગયા હતા તે તમે જાણો છો ? "

" તે હું કહી શકતો નથી; કારણ હું તો સૌથી પહેલોજ સુઇ ગયો હતો. કદાચ મી. ફુલર ઘણો વખત જાગતા હતા તે જાણતા હશે."

મી. ફુલર જબલપુરના સિવિલ મેડીકલ ડીપોર્ટમેન્ટમાં ઉચ્ચ પદવી ભોગવતા હતા. તેમને જગાડવામાં આવ્યા. તેમણે કહ્યું:—

" આ પુરૂષ અને તેની સ્ત્રી ઘણી વખત સુધી વાતો કરતાં હતાં પણ તે પારસી ભાષામાં બોલતાં હોવાથી તેમનો એક પણ શબ્દ હું સમજી ન શકયો. ભાષા ન સમજતાં છતાં પણ તેમના ચ્હેરા ઉપરથી એટલું તો હું સમજી શકયો હતો કે તેઓ ઘણાંજ બ્હીતાં હતાં અને સંશયગ્રસ્તચિત્તથી ગાડીના દરવાજા તરફ વારંવાર જોયા કરતાં હતાં. તે વખત અમારા ત્રણ જણ સિવાય બધા સુઇ ગયા હતા. થોડીવાર પછી મારી આંખો પણ ઘેરાવા લાગી: ઘણો પ્રયત્ન કરતાં પણ મારાથી જગાયું નહી. મને સુતો જોતાં આ પુરૂષે શુદ્ધ અંગ્રેજીમાં કહ્યું:—" આપણા બધાએ સુઇ જવું ઠીક નથી. વખતે કાંઈ સ્ટેશનપર અથવા ચાલતી ગાડીમાં પણ કોઈ બદમાશ ચઢી જઇ આપણો સામાન કે કંઈ વસ્તુ ઉપાડી જાય. "

" આપનું કહેવું બરોબર છે. પરન્તુ આપ તો જાગો છો ને ? એટલું કહી હું સુઇ ગયો. પછી શું થયું તે હું જાણતો નથી. "

ડોકટર ફુલર પાસેથી પણ યોગ્ય ખુલાસો ન મળ્યો. મેં ફરીથી માણેકજીને બુમો પાડી પણ જવાબ ન મળ્યો. મે તેને ઘણા જોરથી ઢંઢોળ્યો, છતાં તેના મુખમાંથી કાંઇ જવાબ ન મળ્યો ઘડીઆળ જોતાં માલુમ પડ્યું કે ગાડીને ઉભે રહ્યે પંદર મીનીટ થઈ ગઇ હતી. હવે વધુ વખત ગુમાવવો વ્યર્થ સમજી ડો. ફુલરને કહ્યું:—

"મહાશય! આપ એક વખત જુઓ તો ખરા કે આ યુવક મૂર્છિત છે કે નિદ્રિત?"

મારૂં આ કહેવું સાંભળતાંજ મી. ફુલરે માણેકજીની નાડી શ્વાસ વગેરે તપાસતાં જણાવ્યું કે:—"એ નિદ્રિત નથી, પરન્તુ મૂર્છિત છે; અને તે મૂર્છા પણ એવા પ્રકારની છે કે જો જલ્દી તે જાગૃત ન થાય તો તેમાંથી મૃત્યુ પણ નિપજે."

આ યુવકને બચાવવો કે તેની સ્ત્રીની તપાસ કરવી? મને કાંઇ સમજ ન પડી. હું ઘણોજ ચિંતાતુર થઇ ગયો. આ વખતે મેટલેન્ડ અને બર્ટન નામના બીજા બે ઉતારૂઓ પણ જાગૃત થયા.

તેઓ શ્રીમંતના પુત્ર હતા અને જબલપુર શિકાર કરવાના વિચારથી જતા હતા. તે પણ આ વાત સાંભળી ઘણાજ દીલગીર થયા.

"દોરાબજી મારા પિતાના પરમ મિત્ર છે અને તેમના પુત્ર માણેકજી પણ મારા ખાસ મિત્ર છે. મુંબઇમાં અમે લોકો સાથેજ ટેનીસ રમતા હતા." આટલું કહી મેટલેન્ડ માણેકજીના સામે જઇ ઉભો. માણેકજીને જોતાંજ તે ભયથી બોલી ઉઠયો:— "હા! પ્રભુ! આ તો મારો મિત્રજ છે."

આ જગ્યાએ ગાડી લગભગ અડધો કલાક ખોટી થઇ હતી, તેથી હવે વધુ વખત ગાડીને રોકવી એ મારી શકિત બહાર હતું અને તેમાં આજે વિશેષે કરીને લંડનની ટપાલ તે દિવસે એજ મેલમાં કલકતે જવાની હતી. લાચાર બની મેટલેંડ તરફ જોતાં મેં કહ્યું:—

"આપ મી૦ માણેકજીના મિત્ર છો. એ આ વખત મૂર્છિત છે. આગલા સ્ટેશન પર એમને જલ્દીથી લઈ ગયા વિના એમની સ્ત્રીનો પત્તો મેળવવો મુશ્કિલ છે."

"આપ આ શું કહો છો? શું મીસીસ માણેકજી આ ગાડીમાં

હતાં ?" મેટલેન્ડ માણેકજીની સ્ત્રીનું નામ સાંભળતાંજ ગભરાઇને બોલી ઉઠયો.

"હા. શું તમે એ લોકો તરફ ધ્યાન પણ આપ્યું નહોતું ?" મેં કહ્યું.

"નહિં મહાશય ! હું મુંબઇથી બેસતાંજ ઉંઘી ગયો. ક્યાં શું થયું તે હું બીલકુલ જાણુતો નથી." મેટલેન્ડે જવાબ દીધો.

"મીસીસ માણેકજી આ ગાડીમાંજ હતી. એલાર્મબેલ સાંભળતાંજ ગાડી ઉભી રાખી હું આવી પહોંચ્યો; પણ આશ્ચર્યની વાતતો એ છે કે તે અંહીં દેખાઇજ નહિં. પણ એક મનુષ્યને ખભાપર કાંઇક લઇને આ દરવાજેથી જતાં જોયો હતો, હવે શત્રુઓએ તેને મારી નાખીછે કે જીવતી રાખી છે તેનો પત્તો શીરીતે મેળવવો ?" મેં મેટલેન્ડને કહ્યું

અત્યંત ઉત્સુકતાથી મેટલેન્ડ આગળ આવતાં બોલ્યો:--

"હું અહીં ઉતરૂં છું. આગલ્યા સ્ટેશનથી મને મદદ મોકલજો." બર્ટન તરફ જોતાં બોલ્યો "આપ મને મદદ કરી શકશો ?"

હાથમાં બંદુક લેતાં બર્ટને જવાબ વાળ્યો;—" અવસ્ય. જો આવે વખતે પણ મનુષ્ય મનુષ્યને મદદ ન કરેતો મનુષ્યત્વજ ક્યાં રહ્યું ?"

આટલું કહી તે બન્ને ભાઇઓ ત્યાંજ ઉતરી પડયા અને મેં પણ પેલા પોલીસ સીપાઇને તેમની સાથે જવાને હુકમ આપ્યો. વળી મારૂં અંતઃકરણ બોલી ઉઠયું "માણેકજી ! તું કેમ સુઇ રહ્યો ?"

પોલીસ સીપાઇને આજ્ઞા આપી મેં બ્રેક તરફ રવાના થતાં મી૦ ફુલરને કહ્યું:—" સાહેબ ! માણેકજીનું જીવન તમારા હાથમાં છે. જેમ બને તેમ તેની મૂર્છા ભંગ થાય એવા ઉપાય કરશો."

બ્રેક પાસે આવી તે સ્થળની નિશાની રાખવા કાગળના કેટલાક ટુકડા મેં ફાડીને ત્યાં ફેંકયા અને એક પથ્થરવડે એક ઝાડના થડમાં કેટલાક અક્ષર લખ્યા. પછી ગાડી ત્યાંથી ઉપડી, આ સ્થળે બધો મળી ચાળીસ મીનીટ જેટલો વખત ગાડી થોભી હતી, મેટલેન્ડ અને બર્ટનને અંધકારમય ભયાનક સ્થળમાં ઉતરવા દીધા; પરંતુ મારૂં અંતઃકરણ ગભરાવા લાગ્યું. મેં તેમને ગાડીમાંથી બુમ પાડી કહ્યું:— "જલ્દી મદદ મોકલું છું. આપ અહીંથી ખસશો નહીં." જેના

જવાબમાં મેટલેન્ડ બોલ્યોઃ—" કહીં પણ નહીં જઇએ. પ્રાણાન્તે પણ મીસીસ માણેકજીનો ઉધ્ધાર કરીશું."

ગાડી ચાલવાની સાથેજ પાછળથી બંદુકનો અવાજ અને કોઇ મનુષ્યની હૃદયદ્રાવક ચીસ મારા કાને પડી અને મારૂં હૈયું કંપી ઉઠયું. રસ્તામાં જે વાર લાગી હતી તે સમય મેળવી લેવા સાથે, જેમ બને તેમ જલ્દીથી મેટલેન્ડ અને બર્ટનને મદદ મોકલવાના હેતુથી મેં ગાડી ઘણીજ ઝડપથી દોડાવવા ડ્રાઈવરને સંજ્ઞા કરી. ગાડી પૂર્ણ વેગથી ચાલતી હતી. જે બંદુકના અવાજ સાથે મનુષ્યનો ચિત્કાર મેં સાંભળ્યો હતો. તેના મને વારંવાર ભણકારા લાગવા મંડયા. મને એમ પણ થયું કે આ દુર્ઘટનાના વિચારોથી મને ભ્રમ તો નહીં થયો હોય? તેમજ તે ચિત્કાર પુરૂષનો કે સ્ત્રીનો હતો તેણુ સમજી ન શકયો. કોણે બુમ પાડી હશે? બંદુક કોણે ફોડી હશે? મેટલેન્ડે બ્હાર કર્યો હશે કે એ કાર્ય શત્રુનું હશે? આ વિચારો અને ચિંતાથી મારૂં મન ભ્રમિત સ-રખું બની ગયું હતું.

બરાબર સાડાત્રણ વાગે જબલપુરનું સ્ટેશન આવ્યું. હું તરતજ મી૦ માણેકજીની પાસે જઇ પહોંચ્યો. ડો. ફુલર તેની નાડીપરિક્ષા કરી રહ્યા હતા. હું સ્વપ્ને પણ ધારતો નહોતો કે હજી પણ માણેકજી મૂર્છિત હશે. મેં અત્યંત ચિંતાતુર અને દુઃખિત હૃદયે ડોકટરને પૂછયુંઃ—

"સાહેબ! એમની શી દશા છે?"

"તેવીને તેવીજ, એમને જલ્દીથી કોઈ હસ્પીતાલમાં પહોંચાડવામાં લાભ છે." ડોકટરે ગંભીર સ્વરે જવાબ વાળ્યો.

હું પણ તેનું કહેવું વ્યાજબી સમજીને સ્ટેશન માસ્તરને મળ્યો.. તે એક યુરોપીઅન હતો. ગાડી મોડી થવાથી તે પ્રથમથીજ મારા ઉપર ખીજવાઈ રહ્યો હતો. પરન્તુ બધી બિનાથી તેને વાકેફ કરતાં તે જરા શાન્ત થયો. તે દોરાબજીને ઓળખતો હતો અને જ્યારે તે મુંબઇમાં એસીસટન્ટ સ્ટેશન માસ્તર હતો ત્યારે ઘણી વખત તેમની સાથે તેને મુલાકાત થઈ હતી. માણેકજી તથા તેની સ્ત્રીની આ દશા સાંભળી તે પણ ઘણો દુઃખી જણાયો, તેના તરફની મદદની મને કાંઇ આશા જ-ણાઇ, તેથી મેં કહ્યું;—

"મી૦ માણેકજી હજી ગાડીમાંજ બેહોશ (મૂર્છિત) છે. જો તેમને

જલ્દીથી જાગૃત નહીં કરવામાં આવે તો તેમની જીંદગીને માટે પણ શંકા રહે છે. આવી સ્થિતિમાં તમારી મદદની જરૂર છે."

તે વૃદ્ધ સજ્જન સ્ટેશન માસ્તરે દુઃખિત સ્વરે સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું:—"મી૦ રેટલેન્ડ ! ગાડીમાંની આ દુર્ઘટનાની જવાબદારી આપણા ઉપર પણ રહે છે. વળી માણેકજીના પિતાને અને મારે પરિચય છે. ફક્ત પરિચયજ નહિં પણ તેમણે એક વખત મને મોટા સંકટમાંથી બચાવ્યો હતો; અને તેથી હું તેમનો હમેશનો આભારી છું. મારાથી બની શકે એવું આપ જે કહો તે હું કરવા તૈયાર છું."

"આપ રેલ્વે ડાકટરને બોલાવો એટલામાં હું માણેકજીને વેઈટીંગ રૂમમાં લઈ જાઉં છું." એમ કહી હું ગાડી પાસે આવ્યો અને ડાફુલર તથા રેલ્વેના નોકરોની મદદથી માણેકજીને વેઇટીંગ રુમમાં લઇ ગયો. હજુ પણ શુદ્ધિમાં આવવા જેવાં કાંઇ ચિન્હો જણાતાં નહોતાં. થોડીવારમાં સ્ટેશન માસ્તર મી૦ માર્ટિન ત્યાં આવી પહોંચ્યો. ગાડી ઉપડવાને હવે ફક્ત પાંચજ મીનીટ બાકી હતી, અને એ ટુંક સમયમાંજ મેટલેન્ડ તથા બર્ટનને મદદ મોકલવાનો બંદોબસ્ત કરવાનો હતો, તેથી હું ઘણા વિચારમાં પડી ગયો. મારા મનનો ભાવ જાણે મી૦ માર્ટિન સમજી ગયો હોય તેમ બોલી ઉઠ્યો:—

"તમારા અહીં રોકાયા સિવાય માણેકજીનો જીવ બચવો અને તેની સ્ત્રીનો પત્તો લાગવો ઘણોજ મુશ્કેલ છે. તમે અહીં રોકાઓ તો ઠીક."

"પરન્તુ મારું કર્તવ્ય ન કરવાનો હું દોષિત ઠરીશ તેનું કેમ ?" મેં કહ્યું.

"તેને માટે તમે કંઇ ચિંતા ન કરો. તેની જોખમદારી મારે શીર છે. હું તમારી જગ્યાએ બીજો માણસ મોકલું છું."

એમ કહેતો વૃદ્ધ માર્ટિન ઓફીસમાં ચાલ્યો ગયો. તેની આટલી સહાનુભૂતિ જોઇ હું ઘણોજ સન્તુષ્ટ થયો.

થોડીજ વારમાં રેલ્વે ડોકટર રઘુનાથરાવ આવી પહોંચ્યો. રઘુનાથરાવ સર દીનકરરાવનો નજીકનો સગો થતો હતો. મુંબઈ મેડીકલ કોલેજની એમ. બી. ની પરિક્ષા પાસ કરી તે બાર વર્ષથી રેલ્વેમાં કામ કરતો હતો. તેણે માણેકજીની સારી રીતે ચીકિત્સા કરવા બધો હેવાલ

જાણવા પોતાની ઇચ્છા જણાવી. મેં તેને બધી બીના જણાવી, પછી તે બોલ્યોઃ—

" રોગ અસાધ્ય થતો જાય છે અત્યંત ભય વિના આવી મૂર્છા થતી નથી. આ મૂર્છા બે દિવસથી આઠ દિવસ સુધી રહે છે. આવી મૂર્છા ટળ્યા પછી પણ સંયોગોને લીધે કેટલીક વખત ચિત્ત ભ્રમિત થઇ જવાનો સંભવ રહે છે "

અમે બધાએ મી૦ દોરાબજીને તાર કરવાનો વિચાર કર્યો. સ્ટેશન માસ્તરે નીચે મુજબનો તાર કર્યોઃ--

" મી૦ માણેકજીની સ્થિતિ ભયંકર છે. ગીરીસ માણેકજીને ચોર લઇ ગયા છે. તે જીવતી છે કે મરી ગઇ તેની ખબર નથી. ડાકટર અને જાસુસ (ગુપ્ત પોલીસ) સાથે જલ્દી આવો. "

એટલામાં તો અડધો કલાક નીકળી ગયો અત્યાર સુધીમાં મેટલેન્ડ અને બર્ટનને કોઇ પ્રકારની સહાયતા ન મોકલી શકાઇ, તેમજ એવા ભયાનક સ્થળમાં તેમને એકલા મૂકીને આવ્યો તે બાબત મને પસ્તાવો થવા લાગ્યો. એટલામાં મી૦ માર્ટિન મારા સામું જોઇ બોલ્યો;—

" મિ૦ રૈટલેન્ડ! તમે પરકારી મંડળના મેમ્બર છો. પરોપકાર એજ આપના જીવનનો મુદ્રાલેખ છે. જો આપ આ બાબત હાથમાં લેશો તો જરૂર બધો ભેદ થોડાજ વખતમાં ખુલ્લો કરી શકશો.

તેને ધન્યવાદ આપતાં મેં કહ્યું:—" આ બાબતનો ભેદ ખુલ્લો કરવા એક બાહોશ ડીટેકટીવની આવસ્યકતા છે."

" એમાં કાંઇ શક નથી. અવશ્ય એક ડીટેકટીવની જરુર છે. પરન્તુ દ્રવ્યલોભ અને અંતઃકરણની લાગણી એ એમાં મોટો ફેર હોય છે, અને તેથીજ આપની સહાયતાની મને આવસ્યકતા જણાય છે. જો કદિ આ બનાવના અપરાધિઓ નહિં પકડાય તો અમારે ઘણું અપમાન સહન કરવું પડશે, એટલુંજ નહિં પણ સભ્ય ગૃહસ્થો પોતાની બ્હેન દીકરીઓને ટ્રેનમાં મોકલવી ઉચિત નહીં ધારે; અને જ્યારે આમાં આપણો પણ સ્વાર્થ છે તો પૂર્ણ ઉત્સાહથી આ સર્વનો ભેદ ખોળી કાઢવો જોઇએ."

મિ૦ માર્ટિનની વાત ઠીક હતી; પરન્તુ તે મને શામાટે આ બનાવમાં સાથે ઘસડતો હતો તે સમજી શકાયું નહિં. હું લાચારીથી બોલ્યોઃ-

"મહાશય ! આપ જે કહેશો તે કરવા માટે હું તૈયાર છું."

"મિ. માણેકજીને ડાકટર સાહેબની સારવારમાં રહેવા દો અને આપ પોલીસ સીપાઇઓને સાથે લઇ આ ઘટનાસ્થલ તરફ જાઓ. હું ટ્રાફિક સુપરીન્ટેન્ડેન્ટ અને રેલવે પોલીસ ઈન્સ્પેકટરને ખબર આપું છું."

મનમાં ને મનમાં મેં તેને સેંકડો ધન્યવાદ આપ્યા. મારા હૃદયનો ભાવ તે પુરેપુરો સમજી ગયો હતો. થોડીજવારમાં કેટલાક પોલીસ સીપાઇઓ અને કુલીઓ એક ટ્રોલીમાં આવી પહોંચ્યા. મેં તેમના તરફ જોઇને કહ્યું:-

"આવા ભયંકર સ્થળે શસ્ત્રરહિત જવું ઉચિત નથી. તમે કાંઇક હથીઆરો લઇ લો."

કેટલીક તજવીજ કર્યા પછી તે લોકો વાંસના કેટલીક લાકડીઓ લઇ આવ્યા. આ જોતાંજ મારાથી મનમાં ને મનમાંજ બોલી જવાયું:- "જેમનાં હથીઆરોમાં કેવળ વાંસની લાકડીઓજ છે, તે જો સ્વતંત્ર થવા ઇચ્છે તો તે તેમને વિડમ્બના માત્રજ છે."

ઘનઘોર ભયંકર રાત્રિની શબ્દ શૂન્યતામાં ફક્ત ટ્રાલીનો ધડધડાટ સંભળાતો હતો. આકાશમાંનાં વાદળાંઓ પવનથી ચારે બાજુએ દોડાદોડ કરતાં હતાં. પવનના જોસથી ચારે બાજુનાં ઝાડો ખડખડ અવાજ કરી રહ્યાં હતાં; જે અવાજ અંધકારમય રાત્રિને લીધે ભયંકર લાગતો હતો. કેટલીક ડાળીઓ જમીન ઉપર તુટી પડતી હતી; પરન્તુ અમારી ટ્રોલીનો વેગ કોઈ પણ રીતે કમી થતો નહતો. ચારે બાજુએ એટલો અંધકાર છવાઇ રહ્યો હતો કે જાણે અમે પાતાલપુરીને ભેદીને આગળ જઇએ છીએ, એમ અમને લાગવા માંડયું. પરન્તુ કર્ત્તવ્યવશ મારે આવા સમયે સઘળું સહન કરવું પડે એમાં શી નવાઇ ?

ઘટનાસ્થલથી જબલપુર પહોંચતાં મેલને લગભગ અડધો કલાક લાગતો હતો પરન્તુ જબલપુરથી આવવાનો માર્ગ ઢોળાણવાળો હોવાથી ટ્રોલીનો વેગ ઘણોજ વધુ હતો; તેથી લગભગ વીસ મીનીટમાં અમે ત્યાં પહોંચ્યા. મારી પાસે ગાર્ડની વ્હીસલ હતી, મેં બર્ટન અને મેટલેન્ડનો પત્તો મેળવવા વ્હિસલ મારી; પરન્તુ તેનું કાંઈ પરિણામ આવ્યું નહિં. તેથી છેવટે જે વૃક્ષ ઉપર મેં નિશાની કરી હતી તેની

તપાસ કરવા માંડી. મારી પાસે ઇલેકટ્રીક લેમ્પ હતો જેની મદદથી મેં તરતજ તે વૃક્ષ ખોળી કાઢયું.

મારા મનમાં ચિંતા વધવા લાગી. મને એમ થવા માંડયુ કે જો મેં જરા દીર્ઘદૃષ્ટિથી કામ લીધું હોત તો વખતે તે રમણીને શત્રુના હાથથી બચાવી શકાત. કારણ ગાર્ડવાળા ડબ્બામાં તેઓનાથી કાંઇ બની શકત નહીં."

જ્યાં અમે ઉભા હતા ત્યાં આગળથી પશ્ચિમ તરફ એક લોહીની ધારા પડેલી જણાતી હતી. અમે તે સ્થાન આગળથી છેવટે પાછા ફરવાનો નિશ્ચય કર્યો એટલામાં કોઈ મનુષ્યના કંઠનો ગુંગળાતો અવાજ અમારે કાને પડયો. મેં પોલીસ સીપાઈ તથા કુલીઓને મારી પાછળ પાછળ આવવાનું જણાવ્યું પણ તેઓ કબુલ ન થયા. મેં તેમને ધમકી આપી, એ ચાર વાતો પણ સંભળાવી, પણ તેનું કાંઇ પરિણામ ન આવ્યું. હીચકારા, નરાધમ ભારતવાસીઓ! સંકટ સમયે પોતાના સાથીઓને છોડીને નાસી જાય છે તે હું પહેલાં નહોતો જાણતો. અમેરિકામાં મેં ભારતવાસીઓની ઘણી વાતો સાંભળી હતી, પરન્તુ મેં નહોતું સાંભળ્યું કે પ્રાણ ભયથી તેઓ પોતાનો સંકલ્પ ભુલી જવાનું પોતાની માતાની ગોદમાંથીજ શીખ્યા હશે. છેવટે હું એકલોજ હાથમાં ચકચકિત છરો લઇ જંગલમાં ધસ્યો. હજી પણ પેલો દીનસ્વર સંભળાતો હતો. હું તેના આધારે આગળ ચાલ્યો.

જંગલ ચારે બાજુએથી ભયંકર શબ્દોથી ગુંજી રહ્યું હતું. તેમાં આ દીનસ્વર પણ સંભળાતો હતો. મને વારંવાર વિચાર આવવા લાગ્યા કે એ કરૂણસ્વર મેટલેન્ડનો હશે કે બર્ટનનો? હાથમાંના વીજળીક લેમ્પથી ચારે બાજુએ પ્રકાશ પડતો હતો. થોડેજ દૂરપર પથ્થરની એક છાટ પાસે એક પોલીસ સીપાઇ પડયો પડયો હૃદયંદ્રાવક આર્તનાદથી ચારે દિશા ગજાવી મુકતો નજરે પડયો.

પ્રકરણ ૩ જું.

પૂર્વ કથા.

માણેકજીનો પિતા દોરાબજી પેસ્તનજી મુંબઈમાંજ રહેતો હતો. તે ઘણો દ્રવ્યવાન ને જાગીરદાર હતો. માર્ચ માસમાં માણેકજીની પાછળ દુશ્મનો પડયા તેજ વખતે તેને તે બાબતની ખબર પડી હતી. પ્રથમ તો તેણે ધાર્યું કે કોઈ નજીકનો સ્નેહી સંબંધીજ કાંઈ કાવતરૂ રચતો હશે, કે જેથી માણેકજીના પછી મારી મિલ્કતનો વારસ તે થઇ શકે.

દોરાબજી એક દિવસ પોલીસ કમીશનર પાસે ગયો અને પોતાને જે ઉપરથી વ્હેમ પડયો હતો તે બાબત વિસ્તારથી કહી સંભળાવી. પોલીસ કમીશનર સાહેબે પૂર્ણ વિચાર કરી તાનજી માલવણકરને તે બાબતની તપાસ કરવાનો હુકમ આપ્યો.

માલવણકરે દોરાબજીના મકાનનો નંબર જાણી લીધો અને બીજે વખતે મળવાનો વાયદો કર્યો, પણ દોરાબજીની હિંમત ન રહી. તે બોલ્યો:-

" સાહેબ ! હમારી દસા એતલી તો દેન્જરસ (dangerous) થઈ પદી છે કે ફકત અરધા કલાકની ધીલ પન મારા બચ્ચાના જાનને જોખમમાં નાખવા પુરતી છ."

" બાવાજી ! તમે નિરાંતે ઘેર જાઓ, થોડીજ વારમાં હું તમારી પાસે આવીશ, ડીટેકટીવો ઉપર ચોર અને બદમાસોની નજર હમેશાં રહે છે. જો તે કોઇ રીતે જાણી જશે અથવા મને તમારી સાથે જોશે તો આ ભેદ ખુલ્લો કરવાનું ઘણુંજ મુશ્કેલ થઇ પડશે." માલવણકર દોરાબજીને ધીરજ આપતાં ઠંડે પેટે બોલ્યો

દોરાબજીએ પણ તેનું કહેવું માન્ય રાખ્યું અને ત્યાંથી પોતાને ઘેર આવ્યો. આવતી વખત માલવણકરે તેને કહ્યું:—" બાવાજી !

મારી સાથે તમારે વાતચીત થઇ છે એટલુંજ નહિં પરન્તુ મને પણ તમે જોયો છે. હવે કોઇ બીજી જગ્યાએ મળું તો ઓળખો ખરા કે ?"

"એ સું કહો છ સાહેબ ! જેને હું એક વખત જોઇ ચુકો છ તેને જ ન ઓલખું ? તમે તો કોઈ ઓરજ વાત કરો છ જો !" દોરાબજીએ આશ્ચર્યથી કહ્યું.

"એ તો ઠીક, પણ બાવાજી ! કદી હું જુદાજ વેશમાં હોઉ તો ?"

"તો પન શું ? ભલેની તમે મોતા સહેનસાહ થઇ આવોની !"

"કદી ભીખારીના વેશમાં આવું તો ?"

"તોય ઓલખી કહાડું જો."

"ઠીક છે, હવે તમે ઘેર જાઓ. હું આવી પહોચું છું."

દોરાબજી ઘેર આવ્યો. સાંજ સુધી તેણે તાનજી માલવણકરની રાહ જોઇ પણ તે ન આવ્યો. તે દિવસે દોરાબજીના નોકર ગણપતીઆએ પોતાની તબીયત ઠીક ન હોવાથી રજા માગી. દોરાબજીએ પ્રથમ તો ના પાડી પણ તેણે પોતાની બદલીમાં એક વિશ્વાસુ મનુષ્ય મુકવાનું જણાવ્યું. દોરાબજીએ તે માણસને જોવા ઇચ્છયો કે તરતજ ગણપતીઓ એક જબરદસ્ત બાંધાના માણસને લઇ અંદર દાખલ થયો તે માણસ સલામ કરી ઉભો. ગણપતીઆએ તેની ઓળખાણ આપતાં કહ્યું- "સાહેબ ! આ બહુજ જબરો અને હિમ્મતવાળો માણસ છે. ગમે તેવું કામ કેમ નથી હોતું, તે કદી પાછો હઠશે નહિં. મારે એની સાથે ઘણા દિવસની મુલાકાત છે. મારા ઉપર આપ જેટલો વિશ્વાસ રાખો છો તેથી પણ વધુ તેના ઉપર રાખજો. હું ખાત્રી આપું છું કે કેશવ કોઈ દિવસ નિમકહરામ થશે નહિં".

ગણુપત દોરાબજીને ત્યાં ઘણા વખતથી નોકર હતો. તેના ઉપર બધાં વિશ્વાસ રાખતાં હતાં. તે એક મહિનાની રજા લઇ તેજ દિવસે મુંબઇ છોડી ગયો અને તેજ દિવસથી કેશવ દોરાબજીનો વિશ્વાસુ નોકર બન્યો.

બીજે દિવસે કેશવનું મજબુત શરીર જોઇને દોરાબજીએ પૂછયું:-

"તું સુ કુસ્તી કરેછ કે ?"

"હા શેઠ. એજ મારો ધંધો છે."

"વરી એ તે ધંધો હોય કે ?"

"હું નાનપણથીજ કુસ્તી કરવા અને હથીઆરો વાપરવા શીખ્યો છું. અત્યારે મોટા મોટા રાજાઓ મારૂં જોર અને શરીર જોઇ મને પોતાનો અંગરક્ષક બનાવવા ઇચ્છે છે."

"આજ વેર તું બેકાર ઉતો કે સું ?"

"નહિં રે શેઠ ! હું જયાં ચાકરી હતો ત્યાં પગાર બહુ ઓછો મળતો હતો. તેથી તે છોડી અહીં આવ્યો છું"

"થીક થીયું. મુનેબી એક એવા માનસની જરૂર ઉતી. ગનપતીઓ બી મુંબઇનો એક જાનીતો અને માનીતો ખેલાદી ઉતો."

"હું જાણું છું. પણ ઇમામવાડાના અખાડામાં મેં તેને હરાવ્યો હતો."

"આ વખત ઇમામવાદામાં તું જીતીયો ઉતો સું ?" દોરાબજીએ આશ્ચર્યથી પૂછ્યું.

"હા. શેઠ."

"એ વરી સું કોતક ! આ વખતની કુસ્તી મારવાવાલાનું નામ તો મીરઝાં સેખ ઉતુ !" દોરાબજીએ વધુ ચકિત થતાં પૂછ્યું.

"એ તો મારા ગુરૂનું આપેલું નામ છે." કેશવે જવાબ આપ્યો.

કેશવની વાતથી દોરાબજી ઘણોજ ખુશી થયો. પછી તેણે અંતઃકરણ ખોલી બધી વાત તેને કરી અને વધુમાં આવા સંયોગોને લીધે જ તેના જેવા માણુસની જરુર હતી તે પણ જણાવી દીધુ. વળી તેણે કહ્યું:—

"ખોદાયજીનીજ મહેરબાનીથી તારા જેવો નોકર મલીયો. તું જાનેછ કે અમે લોક કેવા ચકકરમાં ફસીયાં છે ?"

"ના શેઠ મેં કંઈ પણ સાંભળ્યું નથી."

"બદમાસો અમારી પાછલ લાગીયાછ"

"કેમ ? શા માટે ?"

"કાંઇબી સમજાતું નથી ? પન અનુમાન એમ થાયછ કે અમારો ડલ્લો મેલવવા તેઓએ કઈ કાવતરૂં રચીયુંછ."

"પણ કાવતરાખોરો છે કોણ ?"

"મારા સગા વહાલાજ હોસે."

"તમને છોડી દઇ તમારા પુત્રને મારવાથી તેમને લાભ છે ?"

"હાં. મારા દીકરા ઉપર તેમનો ડોલો ખુંપીગોછ."

"એમજ હોય તો આજ સુધી તેમણે કેમ કાંઇ ન કર્યું ?"

"તેની તો આપનને ખબર નથી પન મારા માનેકના લગન થીયા પછીજ તે લોકો અમારી પાછલ પદીઆ છ."

"શેઠ, તેમની સ્ત્રીના નામ પર કાંઇક મીલ્કત છે ?"

"અરે એ સું પુછે છ ? એનેબી એના બાવાજીનો મોતો દલ્લો મલીઓ છ; કારન એ એના બાવાજીની એક પૂરી દીકરી છ."

"ત્યારે તો કાવતરાખોરો આપના સંબંધી ન હોતાં એમના સંબધી પણુ હોય."

"એમ હોયતો એને પન આજ વેરમાં મારી ન નાખી હોંત કે ?"

"હા એ પણુ બરોબર છે."

"ત્યારે હવે કેવી રીતે કહી સકાય કે તે લુચ્છાઓ એના માવતર તરફના છે ?"

આ વાતચીત ચાલતી હતી એટલામાં માણેકજી અને તેની સ્ત્રી બન્ને દોરાબજીના ઓરડામાં આવ્યાં. દોરાબજીએ કેશવને તેમનું ઓળખાણુ પાડયું. કેશવ તો મીસીસ માણેકજીના તરફ આંખો ફાડી ફાડીને જોવા લાગ્યો. દોરાબજીનું ધ્યાન તેનાપર ખેંચાયું અને તેના મુખપર કાંઇક કંટાળા જેવું જણાયું.

બીજે દિવસે દોરાબજી પોલીસ કમીશનર પાસે ગયો. પોલીસ કમીશનરે પોતાનું ધ્યાન તેજ કેસમાં લાગી રહેલું જણાવી તેને ઘણી ધીરજ આપી. દોરાબજીએ તાનજીના સંબંધમાં તપાસ કરતાં માલુમ પડયું કે તે કાંઈક કામ સારૂ બહાર ગયો હતો, તેથી તેની મુલાકાત થવી મુશ્કેલ હતી. દોરાબજી પાછો ઘર તરફ ફર્યો.

મીસીસ માણેકજીના તરફ કેશવ ફાટી આંખે જોઇ રહ્યો હતો તેથી દોરાબજીનું મન તેને માટે શંકાશીલ થયું હતું. ગણુપતના શબ્દો ઉપર ભરોંસો રાખી અજાણ્યા માણુસને પોતાના ઘરમાં રાખી તેનાપર વિશ્વાસ મૂકી દીધો તે તેને ઠીક લાગ્યું નહિં. તેને એમ લાગ્યું કે કેશવને રજા

આપી દેવી. આવા વિચારોથી રાતના બાર વાગ્યા છતાં તે જાગતોજ પડયો હતો. એકાએક મીસીસ માણેકજીના ઓરડા તરફથી કરૂણ ચિત્કાર તેને કાને પડયો. હાથમાં પીસ્તોલ લઇને મીસીસ માણેકજીના ઓરડા તરફ દોડયો. પણ રસ્તામાંજ કેશવને ઘણીજ ઝડપથી નીચે નાસી જતાં જોયો. તેનો પહેલાંનો સંદેહ આથી વધારે દ્રઢ થયો. તે કરડા અવાજે બોલ્યોઃ--

"પાજી ! નિમકહરામ ! રાતની વેલા આય બાજુ સું કામ ગીયો ઉતો?

કેશવે તેના પ્રશ્નનો ઉત્તર તો ન આપ્યો પણ પાછું વાળીને તેના તરફ જોયું પણ નહીં. દોરાબજી તેની પાછળ ન જતાં મીસીસ માણેકજીના ઓરડા તરફ ગયો; અને બુમ પાડી બોલ્યોઃ--

"દીકરી સીરીન ! આય સું બાબત છે ? કેશવ તારા ઓરદામાં દાખલ થયો ઉતોસું"

તે ઓરડાનો દરવાજો અંદરથી બંધ હતો દોરાબજીનો અવાજ સાંભળી શીરીને જવાબ દીધોઃ–"મારા ઓરદામાં કોઇ ચોર ભરાઇ ગીયોતો."

"માનેકજી કાંહ છ ?"

"એવણ તો સુતેલા છ, બાવાજી !"

દોરાબજીને એ જવાબથી ઘણું આશ્ચયં થયું. કે આટલી બુમ પાડતાં માણેકજીની ઉંઘ ન ઉડી ? તેણે સીરીનને દરવાજો ઉઘાડવા કહ્યું. થોડી વાર પછી તેણે દરવાજો ઉઘાડયો. ઓરડામાં કેવળ અંધકાર જામ્યો હતો; તે જોઇ વળી દોરાબજીએ પૂછ્યું;–

"લેમ્પ કોને બુજાવીયો ? તુંને ખબર છ દીકરી ?"

"નહીં બાવાજી ! હું નહીં જાનતી !

દોરાબજીએ ટેબલ પરથી દીવાસળી લઇ લેમ્પ સળગાવ્યો. આટલું થવા છતાં માણેકજીની ઉંઘ ન ઉડી. દોરાબજીને આથી ઘણુંજ આશ્ચર્ય થવા લાગ્યું. દોરાબજીએ તેને કેટલીયે વખત ઉઠાડી બેઠો કર્યો પણ વળી તે સુઈ જવા લાગ્યો. લગભગ એક કલાક સુધી તેના ઉપરથી ઘેનની અસર ન ગઇ. કેટલીકવારે જ્યારે તે જાગૃત થયો, ત્યારે દોરાબજી બોલ્યોઃ--"આવા ખરાબ વખતમાંબી તુને આવી ઉંઘ કાંથી આવે છ ? તું તે માનસ કે રાખ્ખસ ?"

દોરાબજીને રાત્રિને સમયે પોતાના ઓરડામાં જોઇ પ્રથમ તો માણેકજી ઘણોજ આશ્ચર્ય પામ્યો. વ્યગ્રચિત્તે તે બોલ્યોઃ—"બાવાજી! સું થીયું છ? તમુ કાંય આટલી વેર આયા છ! મારૂં કામ ઉતું તો નોકર કાં મરી ગીયાતા તે તમુને આવવું પદીયુ!"

"મરેરે? આ સું કોતક! તારા ઓરદામાં આતલુ આતલુ થઇ ગીયું અને હજુ તુને તો તેની ખબરબી નહિં!" વધુ આશ્ચર્ય પામતાં દોરાબજીએ કહ્યુ. "આજ તુને આતલી ઉંઘબી કાંહથી આયી?"

"બાવાજી સું થીયુ છ તેની મુને કાંઇબી ખબર નથી. મુને સાફ્ સાફ્ કાંય કહેતા નહિ?" ચિંતાતુર મુખે માણેકજી બોલ્યો.

શીરીનેજ તેના પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યુંઃ—"આજ આપના ઓરદામાં કાવતરાખોર ઘુસી આયા'તા."

"ઓરદામાં આયાતા તેની તુને કેમ ખબર પદી?" દોરાબજીએ પૂછ્યું.

"અવાજ સાંભળીનેજ મારી ઉંઘ ઉડી ગઇ. જાગી ઉથતાંજ કોઈના ચાલવાનો અવાજ મારે કાને પદીઓ." શીરીને જવાબ આપ્યો.

"ઘરમાં લેમ્પ બલતો ઉતો કે?" દોરાબજીએ પૂછ્યું.

"હું તો લેમ્પ બલતો રાખીનેજ સુતી ઉતી, પન જે વારે હું ઉથી, તે વારે તો ઓરદામાં અંધારૂજ ઉતુ."

"ઓરદાનાં બારનાં ઉઘાદાં રાખીને સુતી'તી સું?" દોરાબજીએ ફરી પ્રશ્ન કર્યો.

"નહિંરે બાવાજી! બારનાં તો બંધ ઉતાં."

"જો કોઈ ઓરદામાં આયુંબી હોય તો ગીયું કાંહથી? ઓરદાનું બારનું તો અંદરથી બંધ ઉતું?" દોરાબજીએ કહ્યું.

"તે તો હું નહિં જાનતી, પન ચાલવાનો અવાજ તો બરાબર સાંભલીયો હુતો."

"અવાજ સાંભલીને તેં પૂછીયુંબી નહી?"

"હું સમજી કે માનેકજી ઉથીયા હોસે અને તેથી મેં પૂછીયું કે અંધારામાં સું ફાંફાં મારો છ? પણ કાંઇ જવાબ ન મલીયો."

"પછી સું થાયું?"

"પછીબી ઓરદામાં કોઇ ફરતુ હોય એમ માલમ પદીયું."

"પછી?"

"પછી તો માનેકજીને સુતેલા જોઇ મેં બીકથી બુમ મારી?"

"પછી તે કાંહ ગીયો તે જનાયું?"

"નહિં બાવાજી! હું તો બિછાનામાં આંખો મીચીને પદી રહી. જાણુતી નથી કે તે કાંહ અને કેવી રીતે ગીયો."

શીરીનનો આ જવાબ સાંભળી દોરાબજીએ માણેકજીને પૂછયું:—

"તુંનેબી આજ આતલી બધી ઉંઘ કાંહથી આઈ?"

"કંઈ કહી નહીં સકતો, પન આજ મારૂં સંરીર ભારે માલમ પદે છ."

"કેસવે તુંને કાંય ખાવાને આપીયું ઉતું?"

"નહીં, કાંય નહીં."

"તુને કાંય કહીયું બી ઉતું?"

"એતલુંજ કહીયું'તું કે રાતના જરા સાવચેત થઇને ઉંઘાજે."

"ગમે તેમ હોય, પન વાત ઘની વિચિત્ર છે: હવે કરવું સું?"

દોરાબજીએ કેશવને બોલાવ્યો. થોડીજવારમાં કેશવ ત્યાં આવ્યો અને ઉંઘમાંથી ઉઠીનેજ આવતો હોય તેમ આંખો ચોળતો દોરાબજીની સામે ઉભો રહ્યો. તેની આ ચાલાકીથી દોરાબજીને નખથી શિખ સુધી ગુસ્સો ચઢયો. તે બોલ્યો:—

"તું હમનાં સું કરતો ઉતો?"

"સાહેબ! હું તો સુઈ રહ્યો હતો." કેશવે જવાબ આપ્યો.

"મકાનમાં આતલો બધો ગરબરાત થીઓ તેની તુને જરાબી ખબર નથી સું?"

"સાહેબ! મેં તો કાંઇ સાંભળ્યું નથી."

"જુથ્થો, બીલકુલ જુથ્થો. મેં હમનાંજ તને નીચે જતાં જોયોતો."

આ શબ્દો સાંભળતાં જાણે કેશવ ઉપર આકાશ તુટી પડયું હોય તેમ તે આંખો ફાડતો વિસ્મય થતો બોલ્યો:—"એ શું કહોછો સાહેબ?

હું તો તમારી પાસેથી નીકળીને સુવાની કોટડીમાં ગયો હતો. ત્યાંથી અબ્દુલ્લો મને હમણાંજ તમારી પાસે બોલાવી લાવ્યો. રાતના તો હું એ કોટડીમાંથી બહાર પણ નથી નીકળ્યો."

દોરાબજી તો આ સાંભળી સ્તબ્ધજ બની ગયો. પોતાની આંખોએ તેણે કેશવને જોયો હતો તેથી તેના શબ્દો પર તેને જરા પણ વિશ્વાસ ન આવ્યો. તે તેને ધમકાવતાં બોલ્યો—"બદમાશ! તું બીલકુલ જુઠ્ઠો છ. સાચુ કહે તું ઉપર આયોતો કે નહિં? નહિં તો હું હમનાંજ પોલીસને સોંપી દેવશ."

"સાહેબ! તમે મને પોલીસમાં સોંપો અથવા કેદ કરાવો, પણ હું તો સાચુંજ કહું છું તે સાચુંજ કહું છું."

"જો તારા ઉપર વિસવાસ રાખું તો મુને ભુતોની વાતો ઉપર વિસવાસ રાખવો જોઇએ. તું નહી તો કોન ભુત આયુ ઉતુ?" દોરાબજી જવાબ વાળ્યો.

"પણ સાહેબ? મને સમજાવો તો ખરા કે તમે અહીં શું કરવા આવ્યા હતા?" કેશવે ધીમેથી પ્રશ્ન કર્યો.

"માનેકના ઓરદામાં કોઇ ઘુસી ગયું હતું અને તેથી સીરીને બુમ પાદી. હું તે સાંભલતાંજ હાથમાં પીસ્તોલ લઇ દોરી આયો. રસ્તામાં તને ઉપરથી નીચે જતાં જોયો. જુઠ્ઠું બોલવાથી છુટી જવાનું તું ધારતો હોય તો બચ્ચા! તું ભુલ ખાય છ." દોરાબજીએ કહ્યું.

"મને જોયો હતો તો બોલાવ્યો કેમ નહીં?"

"મેં તો બોલાવ્યો તો, પન તેં ઉત્તરજ ન આપીયોને!"

"આપે શું મને બરાબર જોયો હતો?"

"તારૂં મોનું જોયું નહીં ઉતું, પન તારી ચાલ બાલ બધું જોતાં ખાતરીથી કહું છ કે તુંજ ઉતો. કપરાંબી તારા જેવાં ઉતાં."

"મારા જેવાં કપડાં પહેરી શું બીજો માણસ ન આવી શકે?"

"બચ્ચા! તું એમ ના સમજતો કે હું તારાથી દબાઇ જવશ. બહારનો માનસ આંવે કાંહથીજે! ચારે બાજુ તો સખ્ખત પહેરો રહે છ." દોરાબજી ભવાં ચઢાવી બોલ્યો.

"અરે સાહેબ! જેને આવવું હોય તેને શું?"

કેશવનો આ જવાબ સાંભળી દોરાબજી ઘણોજ ગુસ્સે થઇ ગયો, તેણે તેને એવા જોરથી લાત મારી કે તે પડી ગયો; છતાં હસતો હસતો ઉભો થયો પણ કાંઇ બોલ્યો નહીં. દોરાબજીએ તેજ વખતે પોલીસને ખબર આપી. કોન્સ્ટેબલ તથા પોલીસના કેટલાક સીપાઇઓ લગભગ ત્રણ વાગે ત્યાં આવી પહોંચ્યા અને બધી વાત સાંભળી લઇ કેશવના હાથમાં કડી નાખી તેને ચોકી પર મોકલી દીધો.

હવે દોરાબજીના જીવને શાન્તિ થઈ. તેને ખાત્રી થઇ ગઈ કે કેશવને પકડાવી દેવાથી હવે ફરી એવો બનાવ બનશે નહીં; છતાં વિશેષ ખાત્રી કરવા તેણે પોતેજ બીજે દિવસે રાતના માણેકજીના ઓરડા આગળ તપાસ રાખવાનું નકકી કર્યું. હાથમાં પીસ્તોલ લઇ તે માણેકજીના ઓરડા આગળ આવ્યો, પણ સર્વ શાન્ત માલુમ પડયું. જરા પણ અવાજ આવ્યો નહિં. તે પોતાના મનમાં ધારવા લાગ્યો કે ગઇ કાલનું કારસ્થાન કેશવનુંજ હતું અને આજે તો તે ચોકીમાં હોવાથી હવે એમ બનવું મુશ્કેલ છે. લગભગ અડધોએક કલાક આ રીતે વિચાર કરતો ત્યાં ઉભો પરન્તુ કાંઇ ન જણાયાથી પાછો ફરવા તૈયાર થયો એટલામાં ઓરડામાં કોઇનો પગરવ સંભળાયો. દોરાબજી હાથમાંની પીસ્તોલ સંભાળતો આમતેમ જોવા લાગ્યો. એટલામાં તો તે અવાજ છેક બારણા પાસે સંભળાવા લાગ્યો. દોરાબજી જરા પાછો હઠીને ઉભો રહ્યો કે તરતજ ઓરડાનું બારણું ઉઘડયું અને એક માણસ બહાર નીકળ્યો. પ્રિય વાંચક! દોરાબજીએ તરતજ તેને ઓળખ્યો. તે બીજો કોઇ નહીં પણ કેશવજ હતો.

દોરાબજીએ અંધારૂ હોવા છતાં પોતાનાથી બની તેટલી બારીકીથી જોયું અને ખાત્રી કરી લીધી કે કેશવજ હતો. શીરીનના ઓરડામાં આ રીતે કેશવને જતો આવતો જોઇ દોરાબજીને ઘણોજ ક્રોધ ચઢયો પરન્તુ તે તરતજ ઠંડો પડયો જો કે કેશવને શિક્ષા કરવાનું તેને ઘણું મન થયું પરન્તુ તે ગમ ખાઇ ગયો અને ઓરડાના બારણા તરફ ગયો પરન્તુ તેણે અત્યંત આશ્ચર્ય વચ્ચે જોયું કે ઓરડાનું બારણું અંદરથી બંધ કરેલું હતું.

"સું કેસવ જાદુગર હોસે? કે અંદરથી બંધ કરેલું બારનું ઉઘાડી સકે અને પાછું બહાર નીકલીયા પછી અંદરથીજ બંધ કરી સકે?" આ વિચાર આવતાંજ તેને શીરીનની ચાલ ચલગત ઉપર વ્હેમ આવવા

લાગ્યો "સું સીરીનની કોન્દકટ (conduct) ખરાબ હોસે ? અમારા પારસીઓમાં તો એક રતન છે. દહાપન. ગુન, બ્યુતી. (સૌંદર્ય), વગેરે દરેક રીતે તેની જોરી મલી સકે તેમ નથી. તેના ઉપર વહેમ કાંય ર-ખાય ?" આવા આવા વિચારોથી તેનું માથું ફરવા લાગ્યું. ગમે તેમ થાય પણ આ શો ભેદ છે તે તો જાણવું જોઇએ. એમ વિચાર કરતો થોડીવાર ત્યાં ઉભો રહી પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

બીજે દિવસે દોરાબજી પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ સાહેબ મી૰ મેકીન્ટોશને બંગલે ગયો; પરંતુ તેમની મુલાકાત લેતાં તેને બે કલાક ખોટી થવું પડયું. સાહેબની મુલાકાત થતાંજ દોરાબજીએ ઉભા થઇ સલામ કરી; તેના ઉત્તરમાં સાહેબ બોલ્યા "તમે તો એવું કરવા માંડયુ છે કે તમારે લીધે હું મારી ઓફીસનુ કામ પણ કરી શકતો નથી"

"સાહેબ ! હું માફી માગુ છ. ઘનાજ જરૂરી કામસર આપસાહેબને તસ્દી આપવી પદીછ." દોરાબજી સલામ કરતાં બોલ્યો

"શું છે ? જલ્દી કહો."

"કેસવ ચોકીમાં છ કે એને જામીનપર છોદ્દવામાં આવ્યો છ ?"

"તેના પર શું આરોપ મૂકવો તે નકકી ન થવાથી અમારે તેને જામીનપર છોડી દેવો પડયો છે."

"તેને કેવારે છોદી દીધેલો ?"

"કાલે સંધ્યાકાળે."

"એજ મારા દુશ્મનોને મલેલો છ. એને છોદી મુકવાથી અમુ-લોકોના જાન ભયમાં છ એમ જાનવા છતાં પણ તેને છોદી મૂકયો એ થીક નહિં થીયું."

"તો બીજુ કરીએ શું ? તમારે લીધે કાયદા વિરૂદ્ધ તો કાંઇ નજ થાય !'

હવે વધુ વાતો કરવી નિષ્પ્રયોજન સમજી દોરાબજી ત્યાંથી ઉઠયો. કેશવના છુટી જવાના સમાચારથી કેશવ ઉપરનો તેનો સંદેહ વધુ દ્રઢ થયો. અને તે સાથે શીરીન ઉપરનો સંદેહ જરા દૂર થવા લાગ્યો; અને ગણુપતિયો શા માટે આવા માણુસને મૂકી ગયો હશે, એ વિચાર આવવા લાગ્યા.

સુપરીન્ટેન્ડેન્ટ સાહેબ પાસેથી નીરાશ થઈ નીકળ્યા પછી તે પોલીસ કમીશનર સાહેબને બંગલે ગયો ત્યાંજ તેને તાનજી માલવણકર સાથે મુલાકાત થઇ. માલવણકરે સલામ કરતાં કહ્યું:—

"માફ કરજો સાહેબ! કેટલાક અગત્યના કામને લીધે હું તમારા કામની તપાસ હજી કરી શકયો નથી."

"હું તમારાજ ભરોંસે બેથો ઉતો, પન હવે મારી તે આસા ફોકત ગઇ છ." દોરાબજીએ કહ્યું.

"મને મળ્યા પછી પણ કોઇ ઘટના બની હતી કે શું?" માલવણકરે પૂછ્યું.

"કેતલાય બનાવ બની ગીયા."

"સાફ સાફ કહો. શું શું થયું?"

"સાહેબની મુલાકાત થતાં બધું કહેવસ, એકવાર સાહેબને કહેવદાવો તો ખરા."

માલવણકરે દોરાબજીનું કાર્ડ સાહેબ પાસે મોકલ્યું કે તરતજ સાહેબ ત્યાં આવ્યા, સાહેબે આવી શેકહેન્ડ કરતાં સમાચાર પૂછ્યા. દોરાબજીએ રાતના સમાચાર કહેતાં એમ પણ જણાવ્યું કે કેશવ શત્રુઓનો માણસ હતો.

"મેકીન્ટોશે કેશવને જામીન પર છોડયો તે ઠીક ન કર્યું. તમે શાન્તિ રાખો હું હમણાંજ કેશવને પકડવાનો હુકમ આપું છું. જો કેશવજ તમારો દુશ્મન હશે તો તે ફરીથી આપના બંગલા તરફ નજર પણ નહીં કરે."

કમીશનર સાહેબની સાથેની વાતથી દોરાબજીને કાંઇક શાન્તિ મળી; તે બોલ્યો. "આપનો ઘનોજ ઉપકાર થીયો સાહેબ! મુને આપના મી૦ માલવનકર જેવા બાહોસ દીતેકતીવની ઘનીજ જરૂર છે. જો થોદા દિવસ તેમને મારા કામની તપાસનો ઓરદર આપસો તો મારૂ કામ થઇ જસે."

"કેટલાક બીજા કામને લીધે હુ તેને મોકલી શકયો નથી પણ આજથી તે તમારાજ કામની તપાસમાં રહેશે." કમીશનર સાહેબે જવાબ વાળ્યો.

દોરાબજી સાહેબને સલામ કરી ઘેર ગયો. બપોર પછી તેને કેશ-

તને ફરીથી ચોકીમાં રાખ્યાની ખબર મળી. લગભગ ત્રણુ વાગે દોસબજીને સુપરીટેન્ડેન્ટ સાહેબની ઓફીસમાં બોલાવવામાં આવ્યો. ત્યાં જતાંજ સુપ્રીન્ટેન્ડેન્ટ સાહેબે પૂછ્યું:—"મી૦ દોરાબજી! કમીશનર સાહેબની આજ્ઞાનુસાર કેશવને ફરી ચોકીમાં રાખવામાં આવ્યો છે. આવો અને તેને ઓળખી લો."

દોરાબજી કેશવવાળી કોટડીમાં ગયો. દોરાબજીને જોતાંજ કેશવ બોલ્યો:—"એક નિર્દોષને આ રીતે દુઃખ દેવું તમારા જેવાને લાયક નથી. તમે વ્હેમથી જે પગલાં ભરો છો તે માટે પસ્તાવું પડશે."

દોરાબજી કાંઇ પણ ન બોલતાં સાહેબની રજા લઈ ઘેર ચાલ્યો ગયો. ઘેર પહોંચ્યે દશેક મીનીટ ભાગ્યેજ થઇ હશે એટલામાં એક સાહેબે પોતાનું કાર્ડ દોરાબજી પાસે મોકલ્યું. જો કે આગંતુક મનુષ્ય અપરિચિત હતો છતાં દોરાબજીએ તેને બોલાવ્યો. તેણે આવી ઘણુજ બંધુભાવથી વાત કરવા માંડી. ધીમેથી એ વાત બદલતાં તેણે દોરાબજીને ત્યાં બનેલા બનાવો સંબંધી વાત છેડી. દોરાબજીથી આમ અજાણ્યા માણસને મોઢે પોતાના કુટુંબમાંની ગુપ્ત વાત સાંખી ન શકાઇ. તેણે છેવટે લાચારીથી કહ્યુ:—"મહેરબાન! તમારી રીતભાત મુને આઉટ ઓફ એતીકેત જેવી (અસભ્ય) લાગે છ. આપના સવાલોના જવાબ હું નહીં આપી સકતો."

તે પોતાની ભુલ કબુલ કરતો ઉભો થયો. દોરાબજી તો જાણે પોતાના માથાપરથી ખાંડીનો બોજો ઓછો થયો હોય એમ સમજવા લાગ્યો. પણ તે દરવાજા સુધી જઈ વળી પાછો આવ્યો. તેના આ પ્રકારથી દોરાબજીને ઘણુજ ખોટું લાગ્યું. પરંતુ સભ્યતાના ડરથી તે કાંઇ કહી શકયો નહીં. દોરાબજીના કાન પાસે આવી તે બોલ્યો:—

"તમે મારાપર સંદેહ કેમ કરો છો? હું એક ડીટેકટીવ છું. આપને શત્રુની જાળમાંથી અમારા જેવા સિવાય બચવાનો રસ્તો નથી. હું ધારૂં છું કે તમે હવે તમારો સંદેહ ટાળી દેશો."

ડીટેકટીવનું નામ સાંભળીને દોરાબજી કાંઇક ઠંડો પડયો. તે બોલ્યો:—

"તમુએ આ બધી વાત સી તરેહ જાની?"

"આપના મિત્ર જસ્ટીસ કર્નાટ મારફત."

"સું તેમનાથી તમુને ઓલખાણ છે?"

"હા. તેમની સાથે સારો પરિચય છે. તમે તેમની પાસે ડીટેકટીવની માગણી કરી હતી?"

"હા. મેં તેવણુને એક ચબરાક ડીતેકતીવવાસ્તે કહીયું ઠુું, હવે હું તમુને બધું કહેવસ."

સાહેબનું નામ મી, જેકસન હતું. એ સરકારી નોકર ન હોતાં પ્રખ્યાત ખાનગી ડીટેકટીવ હતો. કેટલીક વખત સરકાર તરફથી પણ તેને કામ સોંપવામાં આવતું હતું. દોરાબજીએ તેને બધી વાત કહી, જે સાંભળી તે બોલ્યોઃ—"તાનજી સારો માણુસ નથી. એતો બન્ને બાજુએથી રૂપીઆ પડાવે છે. જે વધુ આપે તેના લાભમાં કામ કરે છે. એવાનો તો વિશ્વાસજ ન કરવો જોઇએ."

આ સાંભળી દોરાબજીના મનમાં તાનજીવિષે શક ઉત્પન્ન થયો. લગભગ સાંજ પડવા આવી. જેકસને પણ દોરાબજીસાથે ચ્હા પીધી. પછી માણેકજી સાથે પણ તેની મુલાકાત થઇ. લગભગ રાતના નવ વાગે તે દોરાબજી પાસેથી નીકળ્યો અને ફરી મળવાનું વચન પણ આપતો ગયો. તેને દરવાજા સુધી મુકવા દોરાબજી પણ તેની સાથે ગયો. દરવાજા ઉપર એક ભીખારી ઉભો હતો. તેણે દોરાબજીને સલામ કરી અને પૈસો માગવા લાગ્યા. જેકસને તેના તરફ તિવ્ર નજર કરતાં કહયુંઃ—"ચાલ્યો જા; કાંઇ નહીં મળે"

જેકસન આટલું કહી ચાલ્યો ગયો, એટલે પેલો ભીખારી દોરાબજીની છેક નજીક આવી બોલ્યોઃ—"આપ મને ઓળખી શકો છો?"

"ના. તું કોન છે?" દોરાબજીએ પૂછ્યું.

"હું તાનજી માલવણકર."

તેને ભીખારીના વેશમાં જોઈ દોરાબજી ઘણુંજ આશ્ચર્ય પામ્યો. તેના ચહેરા ઉપર દયાજનક ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં અને આંખો ઉપર દુઃખનાં ચિન્હો પ્રત્યક્ષમાન થઇ રહયાં હતાં. બારીકાઇથી તપાસ કરતાં પણ ગમે તેવો બહોશ માણુસ પણ તેને ઓળખી ન શકે એવો વેશ તેણે ધારણ કર્યો હતો. છતાં તેને જોઈ દોરાબજીના હૃદયમાં ઘૃણા ઉત્પન્ન થઇ. કારણ કે જેકસને પ્રથમથીજ તેનું અંતઃકરણ ફેરવી નાંખ્યું હતું. તાનજીને તે અત્યારે એક પશુથી પણ નીચ સમજી બોલ્યોઃ— "તુ તાનજી હો કે માનજી હો, મારે તારૂં સું કામ બલીયું છ?"

"શું કામ છે તે તમે નથી જાણતા? તાનજી હસતાં હસતાં બોલ્યોઃ—,

"ના, હવે તારી મદદની મુને કાંઈ જરૂર છે નહિ."

"જણાય છે કે પેલાએ મારા વિરૂદ્ધ તમારા કાન ભંભેર્યા છે. પણ ફીકર નહીં"

દોરાબજીએ તેની વાત ન સાંભળતાં જવાબ આપ્યોઃ—"તું આંહીથી ચાલી નીકલ, નહીં તો દરવાનને બોલાવી ધક્કો મરાવી કાઢશ."

"સાહેબ સંકટ નજીકજ છે, જરા સાવધાન રહેજો." તાનજી હસતાં હસતાં ચાલતો થયો. તાનજીના છેલ્લા શબ્દો સાંભળી દોરાબજીને ચિંતા થવા લાગી; પણ કેશવ ચોકીમાં હોવાથી તે કાંઇક નિશ્ચિંત થયો. એકાએક રાત્રિના બે વાગે તે ઉંઘમાંથી જાગી ઉઠયો અને એક વખત શીરીનના ઓરડા તરફ જવાનો વિચાર કરવા લાગ્યો. શીરીનના વર્તન ઉપર તેને સંદેહ આવ્યો હતો, તે તો કેશવ છુટી જવાની ખબર મળવાં સાથેજ દુર થયો હતો છતાં પણ વખતે કાંઇ જાણવા જેવું મળે એવી જીજ્ઞાસાથી તે ઉઠયો. હાથમાં પીસ્તોલ લઇ બારણા તરફ ગયો, પણ તેણે ઘણાજ આશ્ચર્ય વચ્ચે જોયું કે બારણું બહારથી બંધ હતું તેનું હૃદય ધડકતું બંધ પડતું હોય એમ તેને જણાવા લાગ્યું. તે કોઇને બોલાવવાની તજવીજ કરવા બારી આગળ ગયો. એટલામાં શીરીનવાળા ઓરડામાં લેમ્પ સળગ્યો. દોરાબજી ચકિત થતો ઉભોજ રહ્યો. શીરીનના ઓરડાનું બારણું ઉઘડયું. કેશવ બહાર નીકળ્યો અને હાથમાં બત્તી લઇ શીરીન તેને દાદર સુધી પહોંચાડવા ગઇ. આ જોતાં જ દોરાબજી બેહોશ થઇ ગયો.

પ્રકરણ ૪ થું.

પૂર્વ કથા.

દોરાબજી લગભગ પાએક કલાક સુધી એ દશામાં રહ્યો. જેમ જેમ એને શુદ્ધિ આવતી ગઇ તેમ તેમ માણેકજી શીરીન અને છેવટે ગણપત ઉપર તેનો ક્રોધ ઘણોજ વધી પડયો. જે કલંક કુળમાં લાગવાનું હતું તે લાગી ચુકયું માટે હવે એ બાબતનો ચોકસ પત્તો લગાડી તે દુષ્ટ વ્યભિચારિણી શીરીનને પોતાના ઘરમાંથી કાઢી મૂકવાના નિશ્ચયથી તે બારણા તરફ ગયો. તેના આશ્ચર્ય વચ્ચે બારણું ઉઘડી ગયું. દોરાબજી શીરીનના ઓરડા આગળ જઈ ગુપચુપ ઉભો રહ્યો. માણેકજીનાં નસકોરાંના અવાજ સિવાય તેને કાંઇ સંભળાયું નહિં. સર્વત્ર શાન્તિજ જણાતી હતી દોરાબજી પ્રથમ પોતાના નોકરોને જગાડી તપાસ કરવાનો વિચાર કરી નીચે ઉતર્યો.

રામોશીનો પહેરો હોય છતાં બહારનું માણસ અંદર આવે એ અસંભવિત જણાવા લાગ્યું. દોરાબજીએ પ્રથમ દાદર આગળનું બારણું તપાસ્યું, તે બરાબર બંધ હતું. રામોશીનો પહેરો દરવાજાપર હતો અને દાદર આગળ બીજો પહેરેગીર હતો. દોરાબજીએ તેને જાગતો જોઇ પૂછ્યું:—"તારો પ્રહેરો કેતલા વાગાથી સુરૂ થીઓછ ?"

"બાર વાગ્યા પછી"

"તુને કોઇએ દરવાજો ઉઘાદવાને કહીયું ઉતું ?"

"ના સાહેબ ! કોઇએ કહ્યું નથી."

"ઘેરમાંથી કોઇએ કીધેલું કે ?"

"ના સેઠ ! કોઇએ પણ નહીં."

આ રીતે પ્રત્યેક નોકરને પૂછતાં પણ એજ જવાબ મળ્યો. દોરાબજી પોતાને છતી આંખે આંધળા જેવો સમજવા લાગ્યો. છેવટે તે પોતાના

ખાસ વિશ્વાસુ સીપાઈ શેરશાહ પાસે ગયો. તે કન્દહારનો નિમકહલાલ પઠાણ હતો. તે બહાર મોટા દરવાજાપર હતો. જે વખતે દોરાબજી તેને બોલાવતો તે વખતે તે જાગૃતજ જણાતો હતો. આ વખતે પણ તે પોતાનું કામ કર્યા કરતો હતો. તેની પાસે પહોંચતાંજ તેણે સલામ કરી પૂછ્યું;—

"હુજૂર! આજ, ઇસ વખ્ત યહાં તશરીફ લાનેકી કયા વજહ હૈ? બીતર સબ ખૈરિયત તો હૈ?"

"હા. સેરસાહ! બધું થીક છે, પન મગજમાં આગ જલે છ."

"આપકે લિયે વહ કોનસા કામ હૈ જીસે મેં નહીં કર સકતા! ઇસ તાબેદારકો હુકમ દીજીએ, ઇસી વખ્ત હુજુરકા હુકમ તામીલ હોગા." શેરશાહ આશ્ચર્ય પામતાં બોલ્યો.

"જે આગ જલેછ તે તારા સાહસથી બુજાય તેમ નહિં, સેરસાહ! તુ મારો પુરાનો નોકર છે. તેં મારૂં ધાન ધના દહારા તુલીક ખાધુંછ: તું નમાજ પરેછ અને જાનેછ કે ખોદાયજીની સકતિ કેતલીછ! હું તારાપર વિસવાસ રાખુછ કે તું મારૂં નિમક અદા કરસ."

"મેં કુરાને શરીફકી કસમ ખાકર કહતાહું કિ આજતક મૈને કભી નમકહરામી નહીં કી હૈ, ઔર ન આગે કરૂંગા હી."

"એતલા વાસ્તે તો હું તુને બધા નોકરોથી વધુ માનુંછ. સેર સાહ! મને કેહ કે તુ આજ કેતલા વાગાથી પહેરો ભરેછ?"

"બારહ બજનેકે બાદ."

"બાર વાગા પછી કોઈ મારા બંગલામાં ધુસી આયુતુ?"

"નામુમકિન હૈ. અગર બિના હુજુરકે હુકમકે કોઇ શખ્સ ઇસ જનાને મકાનમેં ધુસ જાય તો ઉસે ઉસી વખ્ત ટુકડે ટુકડે કર ડાલું. આજ અગર કોઇ શયતાન યહ કોસિશ કરતા, તો શેરશાહકી તલ્વાર આપકો સુફેદ ન દીખાઇ દેતી, બલ્કિ ખૂનસે રંગી રહતી."

દોરાબજી શહેનશાહની વાતપર અવિશ્વાસ ન કરી શકયો, તેને એમ લાગ્યું કે કેશવ દીવસને વખતેજ ઘરમાં ધુસી ગયો હશે. તેથી શેરશાહને લઇને બધું મકાન જોઇ વળ્યો પણ કેશવનો પત્તો ન લાગ્યો. તેજ વખતે દોરાબજીએ શેરશાહને એક ચીઠ્ઠી લઈ જેક્સન પાસે મોકલી દીધો.

સવારના પાંચ વાગે દોરાબજી શીરીનના ઓરડામાં ગયો. શીરીને જાતે ઉઠી બારણું ઉધાડયું ? દોરાબજીએ માણેકજીને ઉઠાડી ગુસ્સાથી પૂછયું:—આજકાલ કાંય તુ આતલો બધો ઉંધાયછ ? રાતમાં એકવારબી તારી ઉંઘ નહીં ઉદતી !”

તેણુ કાંઇપણ જવાબ ન આપ્યો. એટલે દોરાબજીએ શીરીનને પૂછયું:—“ આજ રાતના બાર વાગે બારનું ઉધાદી તું કાંહ ગઈ ઉતી ?”

“ એ વરી શું કહોછ, બાવાજી ! હું તો ઉંધાયલી ઉતી. ” શીરીને તરતજ જવાબ વાળ્યો.

“ હા ! કપતી ! ! બેવફા ! ! !” દોરાબજી બબડયો.

શીરીન પોતાનું કુકર્મ ઢાંકવાના પ્રયત્ન કરવા લાગી. દોરાબજી ધારી ધારીને તેના ચ્હેરા તરફ જોવા લાગ્યો પણ તેમાં તેને જરા પણ ફેર ન જણાયો. હમેશની માફકનું તેનું હસતું વદન તેને તેવુંને તેવું જ જણાવા લાગ્યું. તેણે નિશ્ચય કર્યો કે સ્ત્રીઓ જ્યારે પાપ કર્મમાં પ્રવૃત્ત થાય છે ત્યારે ઘણીજ કુશળતાથી પોતાની પાપજાળ ફેલાવે છે અને આ શીરીન પણ તેમાંનીજ એક છે. દોરાબજીએ તેની એક પણ વાત સાચી ન માની શીરીનની જુઠી વાતોથી તેના શરીરમાં અગ્નિ બળવા લાગ્યો તે ક્રોધાવેશમાં ઉડયો:—“ તું તારૂં પાપ છુપાવવાને ફોકત તજવીજ કરે છ, સીરીન ! સીરીન ! તું મનેબી જુથ્થો પાદે છ ? મેં મારી આય આંખોથી જોયું છ કે તું તારા ઓરદામાંથી નીકળી કેસવને નીસરની સુધી મુકવા ગઇ ઉતી. ”

દોરાબજીની વાત સાંભળતાંજ તે એક ગભરાઇને પડી ગઇ. દોરાબજીના તે પણ ઢોંગજ સમજતો હતો. થોડીવારે શીરીન કરૂણ સ્વરે બોલી;—

“ બાવાજી ! આય સું બોલો છ ? તમારી સામને હું જુથ્થું બોલું એ બનેજ કેમ ? તમે જે કહો છ તે હું બીલકુલ નહીં સમજતી. હું તો આજ રાતના બારનાની બહારબી નીકળી નથી. તેમજ રાતનાં જાગી પન નથી. ”

“ હવે તારૂં જુથાનું નહીં ચાલશે. સમજી ? દુકતી ! તારા ઓરડામાં કેસવ આવે છે, પન કાંય આવે છ તે હું નહીં જાનતો. પન

મેં મારી આંખોથી એને જોયો છ તે સું ખોતું કે !" દોરાબજીએ ખીજવાઇને કહ્યું.

માણેકજી પિતૃભક્ત હતો અને દોરાબજીને ઘણું માન આપતો હતો. તે હવે વચ્ચે બોલી ઉઠયોઃ—"બાવાજી ! તમુને ભ્રમ થીયો છ. એના પર સક લાવવો એ બીલકુલ ખોતું છ."

માણેકજીના આ પક્ષપાતથી દોરાબજીનું મગજ તપી ગયું તે બોલ્યોઃ—

'તુને સું ખબર પડે ? કોણુને માલમ સુંય દવા તુને ખવરાવે છ કે તું તો ભૂતની જેમ ઉંઘાઇ જાય છ. તારા ઓરદામાં સું થાય છ તેની તુને કાંઇ ખબરબી પડે છ ?"

"કાંઇ જાનતો નથી પણ એબી સાથેજ માનજો કે મારી પીયારી સીરીનની ચાલ માતે બી મુને કદી વ્હેમ આવસે નહીં."

દોરાબજી આ શબ્દો સાંભળી પોતાના ઓરડામાં પાછો ફર્યો. આ વખતે જેકસન સાહેબ તેને મળવા આવ્યો, તેને બધી વાત કહેવા માટે પોતાના ઓરડામાં બેસાડી બારણું બંધ કરી દીધું. દોરાબજી કાંઇ પણ બોલે તે પહેલાં તો જેકસન બોલી ઉઠયોઃ—" માફ કરજો સાહેબ ! તમે જે કહેવા માટે મને બોલાવ્યો છે તે હું સારી રીતે જાણું છું, જો તમે તેનો ભેદ જાણવા માગતા હોતો હું ખુલ્લા દીલથી કહુ છું કે સીરીનની ચાલચલગત સારી નથી."

આ સાંભળતાંજ દોરાબજીના હૃદયમાં હજારો વીંછીના ડંખ જેટલી વેદના થવા લાગી. તે ગભરાતાં ગભરાતાં બોલ્યો—" તમુને આય બાબત કેવી તરેહ માલમ પદી ?"

"હું રાત દિવસ આપના મકાનનોજ પહેરો દઉં છું. કોઇ પણ આવનાર ને જનાર મારી નજર બહાર નથી."

"તમે સું જોયું છ ?"

"કેશવ મકાનમાં ઘુસી ગયો હતો."

"પન તે તો ચોકીમાં છ ?"

"અરે એ તો એક જાણીતો બદમાશ છે. તેને માટે અસાધ્ય કાંઇ પણ નથી. એક વખત તે કેદમાં હતો છતાં તેનું ચોરી કરવાનું કામ મજાથી ચાલતું હતું. આખી પોલીસજ એના હાથમાં છે; કારણ તેમનાં ખીસાં પણ તાજાં થાય છે."

દોરાબજી ગભરાઇ ગયો. તેને ચકકર આવવા લાગ્યાં. જેકસને વળી આગળ ચલાવ્યું:--" મહેરબાન ! આ બધાનું કારણ શીરીનજ છે તે પોતાના ધણીને મારી નંખાવવા ઇચ્છે છે. "

" તમે થીક કહો છ ! પન જો માનેકને મરાવી નાખવા ચાહે પછી તેની સાથે ખુસીથી અદરાપ્રને લગન કાંય કરે ! '

" અરે સાહેબ ! પૈસો શું નથી કરી શકતો ? હું જાણું છું કે એના બાવાજીની મીલ્કત પણ છે, પણ તમે જાણોછો ! પોતાના પ્રેમીને માટે ખર્ચ કરવાને ગમે તેટલું દ્રવ્ય હોય તો પણ ખરચાઇ જાય છે તો પછી શીરીન એમ કરે તે શું બનવાજોગ નથી ? તે બુદ્ધિમાન હોવાથી તમારો પૈસો મેળવવા આ લગ્ન કર્યું છે."

દોરાબજી તો દીગમૂઢજ બની ગયો. જેકસન શું કહેછે તે પણ તે સમજી શક્યો નહીં. તેની આ દશા જોતાં તેણે આગળ ચલાવ્યું:-' હજી તો તમારે ઘણું સાંભળવાનું છે. "

જેકસનની વાત સાંભળીને દોરાબજીની સ્થિતિ ઘણીજ વિલક્ષણ થઇ પડી. તેની ઇંદ્રિયો બહેર મારી ગઈ; તેની આંખે અંધારાં આવવા લાગ્યાં અને જો તેણે દ્રઢતા ન રાખી હોત તો તે બેહોશ પણ થઇ જાત. પાપીણી શીરીન માટે તેના મનમાં એક પછી એક અનેક વિચારો આવી ગયા. છેવટે માણેકજીને તેના પંજાથી બચાવવાનો વિચાર આવતાં તે બોલી ઉઠયો:-" હવે મુને સાંભલવાનું કાંઇ બાકી નથી, તમુને જે કહેવું હોય તે ખુસીથી કહો. "

" શીરીનનો પહેલો ધણી હયાત છે. "

" હેં ! પહેલો ધની ? સું એનું લગન બીજે કોઇ સાથ થીયું ઉતું ? "

" હા. નાનપણમાંજ એનું લગ્ન થયું હતું. પોતાના ધણીને છેતરી નામનોજ વિવાહ માણેકજી સાથે કરેલ છે. "

" રાંન દુકતી ! સું કામ તેં મારા કુલમાં કલંક લગાદીયું ? " દોરાબજી પોતાના મન સાથે બબડયા પછી જેકસનને કહેવા લાગ્યો- " તમુને આ બધી કાંય અને કેમ ખબર પદી ? "

" કેશવ સાથે દોસ્તી કરી મેં ઘણી બાબતો જાણી લીધી છે. ગણુ-પતીયાને કાઢીને તે તમારા ઘરમાં ઘુસ્યો છે. શીરીનના પહેલા ધણીએ

તેને પૈસાનો લોભ બતાવી આ કામમાં રોકયો છે, કેશવજ ધારે તે કરી શકે છે. તુમારે હજુ પણ વધુ સાબીતીની જરૂર છે ?"

"નહીરે સાહેબ ! હું તમુપર ઘનોજ વિસવાસ રાખું છ, પન નજરે જોવાય તોજ માની સકાયને ! "

"ઠીક તો જુઓ" જેકસને દોરાબજીના હાથમાં એક કાગળ મૂકતાં કહ્યું :– "આ મીસીસ માણેકજીનો પત્ર. કોના ઉપર લખ્યો છે તે વાંચો"

દોરાબજીએ કાગળ હાથમાં લીધો, અને વાંચવા માંડયો.:--

"મુને રોજ ચિંતા થાય છ. આ તરેહ ચિંતામાં રહેવામાં મુંને ઘનુંજ કથન થઇ પદે છ. વધુ તાઇમ ન લંગાદતાં એકવખત બી તમો મને જરૂર મલી જાઓ. ભુલતા ના. સીરીન."

દોરાબજીએ કાગળ વાંચ્યો અક્ષર પણ ઓળખ્યા. વધુ સાંભળવાને બીજાં પ્રમાણો મેળવવાને તેને કાંઈ આવશ્યકતા ન જણાઇ. તે આમ દુઃખિત થતાં જેકસનને કહેવા લાગ્યો:—"સાહેબ ! તમોજ હવે મને કહો કે મારે સું કરવું ?"

"તમે બુદ્ધિમાન છો તમને સલાહ આપવા જેવું શું છે ? કોઈ પણ રીતે તમારા પુત્રનો પ્રાણ બચાવવા પ્રયત્ન કરો." જેકસન બોલ્યો.

દોરાબજી આ સાંભળી ઉંડા વિચારમાં પડી ગયો. તેની આ સ્થિતિ જોઇ જેકસન બોલ્યો:–માણેકજીને આ બધું સમજાવો અને આ સાબીતીઓ તેમને બતાવો. તે શીરીનને ઘણો ચ્હાય છે પણ પોતાની આંખે આ જોશે તો તેની ખાત્રી થશે."

"તો પન તેતો આ બધું ખોતુંજ માનસે."

"શીરીનને દૂર કર્યા વિના તો સંકટ ટળવાનું નથી."

"તેનો બાપ બી મરી ગીયો છ. નહિ તો તાંહ બી મોકલતે"

"પણ તેથી શું તેને કોઈ પણ રીતે ગમે ત્યાં મોકલી દો, પછી તેની શોધ ખોળ કોણ કરે તેમ છે?"

"તેમ થાય તોં તો ઘન્નુંજ સારૂં. પન કરવું સું ?"

"તમે માણેકજીને કાંઇ કહેતા નહીં. પણ તેને એમજ સમજાવજો કે દુષ્ટોના કાવતરાથીજ તેનાપર વહેમ આવ્યો હતો. આમ સમજાવી

તેની પાસે લખાવી લો કે:-“ ઘણું મોટું સંકટ આવ્યું છે. એક મીનીટ પણ અહીં રહેવું જોખમકારક છે. ઘરની જોડી તૈયાર કરાવી તાબડ-તોબ સ્ટેશનપર આવો ” આમ લખાવી નીચે તેની સહી પણ કરાવી લો. પછી તમે માણેકજીને લઇ સ્નેહીને ત્યાં જાઓ, પણ રાતના અગી-આર વાગ્યા પહેલાં પાછા ન આવશો. હું તે પત્રના આધારે શીરીનને એવી જગ્યાએ મોકલાવી દઇશ કે તે ફરી અહીં પાછી આવવાજ નહીં પામે. ”

“ સું તમો એને મારી નાંખસો ? ”

“ છટ્ છટ્. સ્રીનું લોહી રેડવું હું મોટું પાપ સમજાુછું. ” સુર-તમાં મારા એક મિત્રને ત્યાં મોકલી દઇશ, જ્યાંથી તમને તેના સમા-ચાર મળતા રહેશે. ”

“ અરે ! મુને તો તેના સમાચારની બી કાંઈ જરૂર નથી. ”

જેકર્સન દોરાબજીને આ મુજબ સમજાવી ચાલ્યો. માણેકજી જમતી વખત દોરાબજીની પાસે આવીને બેઠો. દોરાબજીએ વાત વાતમાં તેને સમ-જાવી દીધો કે શીરીન ઉપર પોતાને ભ્રમ થયો હતો તે દૂર થઇ ગયો છે. એ બાબત પૂર્ણ રીતે સમજાવતાંજ માણેકજીનો ચ્હેરો ખીલી ઉઠયો તે હર્ષમાં આવી બોલ્યો;—

“ ગમેતેમ હો. પન હવે અહીં રહેવામાં માલ નથી. થોદો વખત બી અમુને બહારગામ જવું જોસે. ”

“ મેં પન એમજ ધારીયુંછ, આજજ આપુને મુંબઇ છોદી જવું જોશે. તમો બેયજન તૈયાર થાઓ. હું આજ સહારેનો એજ તજવીજ કરૂંછ ”

“ થીક, પન તમોએ કાંઇ જાવાનો એરાદો કીધોછ ? ”

“ હમનાં તે જનાવાય તેમ નથી. કાંરજે દીવાલને બી કાન હોયછ. તો પછી આપના દુસમનો જાને તો વલી ઉલતી પીદા થાય. માટે તમે તૈયારી કરી રાખો. ”

જમી રહ્યાબાદ દોરાબજી માણેકજીને લઈ બીજા ઓરડામાં ગયો. ત્યાં જઇ બેઠા પછી દોરાબજી બોલ્યોઃ—અરે ! મુને થીક યાદ આયું. મેતલેન્દ તારો જાની દોસ્ત છે. તેમજ વલી તે હિમ્મત વાલોબી છે. જો તે આપની સાથે બહારગામ આવે તો આપનને બીવાનું રહે નહીં. ”

"હું જાતે જવસ અને મેતલેન્દને બોલાવી લાવસ."

"નહિં રે! તુને એકલાને તે જવા દેવાય! એક ચીથ્થી લખી આપ." એમ કેહેતાં દોરાબજીએ તેની પાસે કાગળ, ખડીઓ, કલમ વગેરે મૂકયું; પછી તેણે આગળ ચલાવ્યું:—"લાંબુ લાંબુ લખવાની, કાંય જરૂર•નથી. તુંકાનમાંજ પતાવી દે, હું કહુ તેતલુંજ લખ." એમ કહી જેકસને, કહ્યા મુજબની ચીઠ્ઠી માણેકજી પાસે લખાવી લીધી. સંધ્યા સમય દોરાબજીએ શેરશાહને બોલાવી પેલી ચીઠ્ઠી આપીને કહ્યું. "સેરસાહ! જેકસન સાહેબને તહાં જઇ આ ચીથ્થી આપી આવ; અને તે કહે તેમ કર. જો કાંઇ આદું અવલું કરીસ તો પછી મારા જેવું કોઇ ભુંદું નથી."

"માલિકકા હુકમ ન માનનેસે દોજખમેં જાતના પડતા હૈ, યહ કયા મેં નહીં જાનતાહૂં?" શેરશાહ નમ્ર ભાવે બોલી ચાલતો થયો. દોરાબજી પણ માણેકજીને સાથે લઇ પોતાના મિત્રને વિદાયઁ થતી વખુત મળવાના બહાને નીકળ્યો. માણેકજીને આ ચીઠ્ઠી બાબત કાંઇ પણ ખબર તે વખત પડી નહીં. રાત્રિના નવ વાગતાને શુમારે શેરશાહે તેજ ચીઠ્ઠી લાવી શીરીનને આપી. થોડીવાર પછી તે પોતાનો સામાન લઇ સ્ટેશન પર જવા તૈયાર થઈ. જો તે વખતે તેણે જરા તિક્ષ્ણ બુદ્ધિથી કામ લીધું હોત તો તેને તરતજ માલુમ પડી આવત કે જે ગાડીમાં બેસીને તે નીકળી તે ગાડીનો કોચમન મહમદબક્ષ નહિં પણ છદ્મવેશી જેકસન હતો.

પ્રકરણ ૫ મું.

મનુષ્યના લોહીથી લખાયલો કાગળ.

ઘટનાસ્થલ નજીક જંગલમાં પથ્થર પાસે પડેલા તે સીપાઇની પાસે જઈ તપાસ કરતાં જણાવ્યું કે તે બર્ટન હતો. તેનું આખું શરીર લોહીથી તરબોળ થઇ રહ્યું હતું. તેના માથામાં એક ઉંડો ઘા પડ્યો હતો. મેં તેને ઉઠાડવાની કોશીસ કરી, પરન્તુ તે એટલો બધો અશકત થઈ ગયો હતો કે તેનાથી ઉઠાયું પણ નહિં. તેને મેં ઘણા સવાલો કુર્યા પણ તે જે કાંઇ બોલતો તે કેવળ અર્થરહિત હતું; જેથી મને લાગ્યું કે તેનું મગજ ભ્રમિત થઇ ગયુ છે. તેનીજ બાજુમાં જે પોલીસ સીપાઈ ઇગતપુરીથી મારીસાથે આવ્યો હતો તેનું શબ પડયું હતું. તેના માથાના ટુકડે ટુકડા થઇ ગયા હતા; અને શરીર બરફજેવું ઠંડુ થઇ ગયું હતું. બર્ટનને ટ્રોલી ઉપર લઇ જવાનો મને વિચાર આવ્યો પરન્તુ એક હાથમાં લેમ્પ અને બીજા હાથમાં બેહોશ બર્ટનને ટ્રોલી સુધી લઇ જવાનું મુશ્કેલ લાગવાથી હું ટ્રોલી તરફ પાછો ફર્યો. ત્યાં જઇ જોતાં ન તો ત્યાં ટ્રોલી માલુમ પડી કે ન કોઈ માણસ પણ જણાયું.

મને ઘણુંજ આશ્ચર્ય થયું. જો કોઇ ભારતવાસીને આ બાબતનું વર્ણન કરવામાં આવે તો તે તો આને ભુતાવળનુંજ કામ સમજે; પરન્તુ મને તરતજ વિચાર આવ્યો કે હીચકારાઓ ટ્રોલી લઇને નાસીજ ગયા હોવા જોઇએ. હું લાઈનપર આગળ ચાલતો ગયો અને સીટી મારતો ગયો પણ કાંઇ ઉત્તર ન મળ્યો.

તેજ વખત મારી સામેથી બંદુકનો અવાજ આવ્યો. મારી પાસે પણ ન્યુયોર્કની પ્રખ્યાત મોરગનની કંપની બનાવટની એક પીસ્તોલ હતી જેના એક મીનીટમાં ત્રીસ બ્હાર કરી શકાતા હતા. જો કે તેને નળી તો એકજ હતી પરન્તુ તેની એક કળ દાબતાંજ ધડાધડ ગોળીઓ છુ-

ટતી હતી. મેં તરતજ લેમ્પ બુઝાવી નાખ્યો અને આગળ ચાલવા મંડયો. થોડીવારમાં ફરીથી બંદુકનો અવાજ આવ્યો પણ તે ઘણોજ નજીકથી આવ્યો હતો; તેથી જે ભડકો થયો તેથી મને સારી રીતે જણાવ્યું તે બંદુક ફોડનાર મેટલેન્ડજ હતો.

હું તરતજે લેમ્પ સળગાવી આગળ ગયો તેનો ચ્હેરો કેવળ ફરી ગયો. હતો. તેનું આખું શરીર તેને થયેલા ઘામાંથી નીકળતા લોહીવડે રંગાઇ ગયું હતું. તેના માથામાં એક તરફ ઘા પડયો હતો, અને તેમાંથી લોહીની ધારા ગાલ ઉપર થઇને વહેતી હતી. હું તેની પાસે જઇને બોલ્યોઃ- ઇશ્વરનો ઉપકાર માનુ છું કે ફરીથી તમારી મુલાકાત થઈ"

મને જોતાંજ ગદ્‌ગદ્‌કંઠ થઇ ગયો. બર્ટન માટે તે ચિંતા કરવા લાગ્યો. મેં તેને બર્ટન જીવતો હોવાનું અને તેની ગંભીર સ્થિતિનું વર્ણન આપ્યું. મેટલેન્ડ એકદમ તેની પાસે જવા તૈયાર થયો. ચાલતાં ચાલતાં તે બોલ્યોઃ—

"શત્રુ મનુષ્ય નથી પણ ભૂત સિદ્ધ તાન્ત્રિક છે, આ બધો ભૂતાવળનો પ્રકાર માલમ પડે છે. મેટલેન્ડે મને જે વાત કહી હતી તે અમેરિકાના ભૂતસિદ્ધ એન્ડરૂં જેકસનના જીવનને તદન મળતી આવી. અમે બર્ટન પાસે જઇને પહોંચ્યા. મેટલેન્ડે પોતાનો કોટ ફાડીને તેના માથા પર પાટો બાંધ્યો. બર્ટન જરા શુદ્ધિમાં આવતાં મને જોઇ બોલ્યોઃ— "આપ કોણ છો ?"

"મેલટ્રેનનો ગાર્ડ" આટલું કહી મેટલેન્ડને બર્ટનને ત્યાંથી જલદી સુરક્ષિત સ્થળે લઈ જવા કહ્યું. મેટલેન્ટ ડરવા લાગ્યો. મે કહ્યુંઃ-

"આપની પાસે બંદુક છે ? બીક શાની છે ?

"અરે સાહેબ ! હું હમણાંજ કહી ગયોને કે કેટલીય ગોળીઓ મારી પણ તે વિકટ પુરુષનો વાળ સરખો વાંકો ન થયોને." મેટલેન્ડ કાંપતો કાંપતો બોલ્યોઃ—

"કાંતો તમારી બંદુકમાં ગોળી નહીં હોય, યા તમે નિશાન ચૂકયા હશો."

"અરે એમ બને ? મેં મારે હાથે ગોળી ભરી હતી અને છેક નજીક આવ્યા પછી છોડી હતી. તે માણુસ હતો કે ભૂત એજ શક છે."

"ત્યારે તો મારી ટોળીના માણુસોને ભૂત ઉઠાવી ગયું ?"

"શું તમારી સાથે માણુસ પણુ આવ્યા હતા ?"

"હા. બે ટ્રોલીમેન ને બે સીપાઇ એમ ચાર જણુ હતા."

"ત્યારે તો પહેલા સીપાઇ જેવીજ તેમની પણુ દશા થઈ હશે;"

આ વખતે પાંચ વાગ્યા હતા. ડાઉન પેસેન્જર ટ્રેન છ વાગે ત્યાં આવતી હતી. ગાડી ઉભી રખાવી બર્ટનને તેમાં રવાના કરી દેવાના વિચારથી મેં મેટલેન્ડને બર્ટન પાસે બેસવા કહ્યું અને હું સડક તરફ ચાલવા મંડયો. મેટલેન્ડે એકાએક પૂછ્યું:–"મીસીસ માણેકજીનો કાંઇ પત્તો લાગ્યો ?"

"ના. પણુ એક રકતધારા રેલ્વે લાઇન આગળ જણુાઇ હતી. જયાં પેલો સીપાઇ પડયો હતો તેની દક્ષિણે થોડેસુધી તે જણુાય છે. અને ત્યાં ચાર પાંચ માણુસોનાં પગલાં પણુ જણુાય છે. પણુ ત્યાંથીજ તે ધારા પણુ બંધ થઇ ગઈ છે." મેં જવાબ વાળ્યો.

મારી વાત સાંભળી મેટલેન્ડે નિશ્વાસ નાખ્યો. એ વખતે લાઇનની બીજી બાજુએથી એક સીપાઈ દોડતો આવતો જણુાયો. હું તેને શત્રુ સમજી ગોળી મારવા તૈયારી કરતો હતો એટલામાં તેણે દૂરથીજ બુમ પાડી કહ્યું:–"ગાર્ડસાહેબ ! જલ્દી આવો. દોડો દોડો."

મેં તેને ધીરજ આપતાં શું બન્યું હતું તે કહેવા જણુાવ્યું. તે બોલ્યો:–"તમારા જંગલમાં ચાલ્યા ગયા પછી થોડીવારે એક માણુસ આવીને કહેવા લાગ્યો કે 'હું આ જંગલમાં રહુંછું. મારા ઘર નજીક એક માણુસને વાઘે પકડયો હતો, તેમાંથી તમારા સાહેબે તેને છોડાવ્યો, છે, તમને તે ત્યાં બોલાવે છે; બધા તો તેનાપર વિશ્વાસ મુકી તેની સાથે ગયા, પણુ મને વહેમ આવવાથી ટ્રોલી સાચવવાને બહાને અહીં ઉભો. થોડી વારે એક સાહેબ આવ્યો, હું સમજ્યો તમે આવ્યા, તેથી મેં મારા સાથી કયાં છે ? એમ પૂછ્યું. પણુ કાંઇપણુ જવાબ ન આપતાં તેણે મારૂં ગળું પકડયું. હું જેમતેમ છુટીને નાઠો, અને લાઇને લાઇને અડધાએક માઇલપર આવેલી સીગ્નલ ઓફીસ આગળ જઇ ઉભો, એટલામાં ટ્રોલીનો અવાજ સંભળાયો. ટ્રોલીમાં તમે આવતા હશો. એમ ધારી લાઇનપર ઉભા રહી મેં મોટેથી "ગાર્ડસાહેબ ! ટ્રોલી ઉભી રાખો." એમ બુમો પાડી. ટ્રોલીમાં એક સાહેબ અને બે દેશી માણુસો

બેઠા હતા અને તેમની પાસે એક સફેદ ગાંસડી હતી. ટ્રોલી જરાક જ આગળ જતાં બંદુકનો અવાજ આવ્યો અને મારા કાનપાસેથીજ ગોળી ચાલી ગઇ; ત્યારેજ હું સમજ્યો કે તે શત્રુઓ હતા. હું ત્યાંથી જીવ લઇને નાઠો, થોડેક આવતાં વળી બંદુકનો અવાજ આવ્યો. હું ગભરાઇને ઝાડપર ચઢી ગયો. એટલામાં તમારો અવાજ સાંભળી નીચે ઉતર્યો પણ તે ઝાડ નીચેથી "ગોં ગોં" શબ્દ સંભળાયો. હું ભૂત જાણી ડરી ગયો અને તમને બુમ પાડી."

આ વખત સવાર થવા આવ્યું હતું. ઉષાનો મંદ મંદ પ્રકાશ પડવા માંડયો હતો. હું પેલા સીપાઇ સાથે તે ઝાડ આગળ ગયો. ત્યાંનો દેખાવ જોતાંજ તે રાક્ષસી ઘટનાથી હું આશ્ચર્ય પામ્યો. બન્ને ટ્રોલીમેનનાં શબ ઉંધે માથે તે ઝાડની ડાળીએ લટકતાં હતાં, અને એક પોલીસ સીપાઇનું શબ નીચેજ પડયું હતું. તે ઝાડના થડે એક કાગળ પણ ચોટાડેલો હતો.તેમાં લખ્યું હતું કેઃ—

"માણેકજી! સાવધાન! તને તારા જાનની પરવા હોય તો અમારી પુઠ પકડવાનો વિચાર માંડી વાળજે. તારી સ્ત્રીની આશા છોડી દેજે. તે તારી પરણિયત નથી. તેનો પહેલો ધણી હયાત છે. આજે લાગ મળતાં તેણે બદલો લીધો છે. આ વખત તને જવા દીધો છે. પણ જો મેટલેન્ટ, રેટલેન્ડ કે તાનજીની વાત માની અમારી પુઠ પકડીશ તો તારે અને તારા બાપને આ દુનિયાનો જલ્દીજ ત્યાગ કરવો પડશે. રોજ સેંકડો માણસનાં ખુન કરતાં પણ અમને તૃપ્તિ થતી નથી તે આજના બનાવ પરથી માલુમ પડયું હશે. રેટલેંડ અને મેટલેન્ડને જાણી જોઇનેજ જવા દીધા છે. એક પલકમાં તેમને દોજખમાં પહોંચાડવાની શકિત છે મીસીસ માણેકજીનું કલેજું ચીરી તેના લોહીથી આ કાગળ લખેલો છે. ભવિષ્યમાં તમારૂં લોહી ન રેડવું પડે તે ધ્યાન રાખજે સાવધાન! સાવધાન!! સાવધાન!!!"

બારીકાઇથી જોતાં તે કાગળ ખરેખરૂ મનુષ્યના લોહીથી લખેલો જણાતો હતો.

પ્રકરણ ૬ ઠું.

V. B. નો ભેદ શો ?

આ વીસમી જુને હું મુંબઇ આવ્યો. ગઈ રાતના બનાવની ખબર ટ્રાફીક સુપરીન્ટેન્ડેન્ટદ્વારા પોલીસ હેડક્વાટરમાં મળી ગઈ હતી. જ્યારે હું તેની ઓફીસમાં ગયો ત્યારે આખી ઓફીસ સીપાઇઓથી ચિકાર થઇ ગઇ હતી. બાહોશ ડીટેક્ટીવોને આ કેસની તપાસ કરવાનો હુકમ મળી ચૂક્યો હતો અને તેઓ તે ઘટનાસ્થળ તરફ રવાના પણ થઇ ગયા હતા. તેજ દિવસે બપોરના મને માણેકજી મુંબઇ આવી પહોંચ્યાના સમાચાર મળ્યા. હું તરતજ તેમને મળવા જવા નીકળ્યો. ઓનરેબલ દોરાબજીના મકાનની મને ખબર નહોતી, પરન્તુ તે મકાન એસ્પ્લેનેડ રોડ-પર હતું એટલુંજ. હું જાણતો હતો; તેથી હું તે તરફ ગયો. ત્યાં એક પારસીને મેં તેમના મકાનનો નંબર પૂછ્યો, જેના જવાબમાં હસતાં હસતાં તે શુદ્ધ અંગ્રેજીમાં બોલ્યોઃ—" તમે હમણાંજ સ્ટીમરપરથી આવો છો કે શું ?"

" નાજી. હું તો થોડા દિવસ પહેલાંનો આવ્યો છું પણ અજાણ્યો છું."

" આ શહેરમાં એવું કોઇ નહિં હોય જે ઓનરેબલ મી૦ દોરાબજીનું નામ ન જાણતો હોય. તમારે શું કામ છે ?"

" કેટલીક અગત્યની બાબતો સંબંધી વાત કરવી છે."

" તે આજ આપને નહીં મળી શકે, કારણ કેટલાંક કૌટુંબિક કારણોને લીધે તે જરા વ્યાકુળ છે."

અજાણ્યા થતાં મેં પુછ્યુંઃ—" હું જાણી શકીશ કે એવું શું બન્યું છે ?"

"હું નથી સમજી શકતો કે એક આબરૂદાર ગૃહસ્થના કુટુંબની બીના જાણવા તમે કેમ આટલા ઉત્સુક થઇ રહ્યા છો ?"

તે માણસ ચતુર હોવા ઉપરાંત દોરાબજીની ઘણી વાતોથી માહિતગાર જણાયો. મેં તેને દબાણથી પૂછ્યું ત્યારે તેણે મને દૂરથી એક મકાન બતાવ્યું અને બોલ્યોઃ—"જાઓ, સાહેબ ! પેલું તેનું મકાન."

"મહેરબાન ! આપ શું તેમના કુટુંબના પરિચિત છો ?"

"હા કેમ ?"

"કંઈ નહીં. પણ મારે ઘણુંજ જરૂરી કામ છે. કૃપા કરીને—"

મારી વાત એટલેથીજ અટકાવી તે હવામાં મુઠી ઘુમાવતો બોલ્યોઃ–

"અસભ્યતા દૂર કરી સભ્ય બનો. શું હું તમારીજ નોકરી કરવા અહીં ઉભો છું ?"

હું દોરાબજીના દરવાજા આગળ ગયો કે તરતજ ખુલ્લી તરવારે એક મુસલમાન સામે આવી ઉભો. મેં તેને કહ્યું:—"મને જવાદે, હું તારા શેઠને મળવા માગું છું."

પણ એ અંગ્રેજી સમજતો નહતો. એટલામાં પેલોજ પારસી ત્યાં આવ્યો. મેં તેને કહ્યુંઃ — "મહેરબાન ! આ માણસને સમજાવી દો કે હું મી૦ દોરાબજીને મળવા માગુંછું"

"આ મકાનમાં આજે કોઇ સાહેબને દાખલ થવા દેવાની સખ્ત મનાઈ છે." તેણે કહ્યું.

"કેમ સાહેબ ?" મેં કહ્યું.

"કેમ સાહેબ ! આ બધું જાણવાની તમને શું જરૂર છે ? તતમારે શું કામ છે તેતો કહો."

"હું માણેકજીને મળવા આવ્યો છું."

"આજ તે કોઈને મળશે નહીં."

"વાહ સાહેબ ! આ મકાન માટે બધા જવાબ તમેજ આપો છો પણ જરા આપનો આ ખોટો વેશ તો ઉતારો." આ શબ્દો સાંભળતાંજ મારા તરફ તિક્ષ્ણ દ્રષ્ટિ ફેંકતો તે મનુષ્ય ત્યાંથી ચાલ્યો ગયો. હું સારી રીતે સમજી ગયો કે માણેકજીના મકાનપર શત્રુઓની સંપૂર્ણ સત્તા

જામી ગઇ હતી. મેં મારા કાર્ડ પર "મેલ ટ્રેનનો ગાર્ડ" એ શબ્દો લખી મોકલ્યા કે તુરત માણેકજી જાતે નીચે આવી મને ઉપર લઈ ગયો.

માણેકજીનું નીચે આવવાનું કારણ હું તેજ મેલટ્રેનનો ગાર્ડ હતો કે બીજું કોઇ હતું, તે તપાસ કરવાનું હતું. મને ઉપર લઇ જઇ કેટલીક વાતચીત કર્યા પછી તે મને મી. દોરાબજી પાસે લઈ ગયો. મને જોતાંજ તેમણે મારૂં સન્માન કર્યું અને ટ્રેનમાં બનેલા અકસ્માત સંબંધી એક ઇંગ્લંડવાસી જેવી શુદ્ધ અંગ્રેજી ભાષામાં વાતચીત કરી. મેં પણ તે બીના બનવાનું કારણ જાણવા ઇચ્છયું. પણ તેણે તે વાત ઉડાવી દીધી. મને ઘણુંજ આશ્ચર્ય થયું પણ ફરીથી કાંઇ પૂછ્યું નહીં. જ્યારે હું ત્યાંથી ઉઠયો ત્યારે તે બોલ્યો:—

"હું આસા રાખુંછ કે કોરતમાં સાખ્સી આપવાને તમુને કાંય હરકત નહીં હોસે!"

"નહિ કોઇ રીતની નહીં. જ્યારે પણ મારી મદદની જરૂર પડે ત્યારે મને ખબર આપજો. મારાથી બનતું સર્વ હું કરીશ."

આટલું કહી હું ત્યાંથી ઉઠયો. જતાં જતાં ચારેબાજુ નજર કરી તો વળી પેલોજ પારસી ત્યાં ભટકતો જણાયો. મારૂં મગજ ઉશ્કેરાઈ ગયું; મને લાગ્યું કે શત્રુઓ માણેકજીનો જીવ લીધાવિના રહેનાર નથી; મેં પણ તેમનો પીછો પકડવાનો નિશ્ચય કર્યો. હજીતો હું રસ્તાપર ઉભો ઉભો વિચાર કરતો હતો, એટલામાં એક યુરોપીઅન સામેની ગેસલાઈટ આગળથી આવી નિશાખોરની માફક મને પૂછવા લાગ્યો;—

"આપ રૂશીઆના ઝાર છો કે જર્મનીના કૈસર?"

"કોઇપણ નહીં. તમે કોણ છો?" મેં પૂછ્યું.

હું પણ કોઇ નહીં, સાહેબજી!" એટલું કહી તે ચાલ્યો ગયો. હું તરતજ સમજી ગયો કે તે પેલોજ પારસી હતો. તે શામાટે આમ કરતો હશે તે ન સમજાયું. તે થોડેક દૂર જઇ વળી મારા તરફ તાકીને જોવા લાગ્યો. મેં પણ મારા જીવની દરકાર ન કરતાં તેનીજ પૂઠ પકડવાનો નિશ્ચય કર્યો. તરતજ મેં મારો વેશ બદલી નાખ્યો. આંખે ચશ્માં ચઢાવી દીધાં, હેટ ઉપરનું કપડું ઉલટાવી નાખ્યું અને કોટ પણ ઉલટો પહેરી લીધો કે તરતજ એક બીજા રૂપમાં મારો દેખાવ બદલાઇ ગયો.

અમેરિકામાં તો મેં ડીટેકટીવ તરીકે નામ કાઢયું હતું અને આજ હિન્દમાં પણ મારે તે કામ કરવાનો વખત આવ્યો. પહેલાં હું એમ સમજતો હતો કે હિન્દના કમ અક્કલ માણસોની જાળ તોડવા માટે વળી અમેરિકાના ડીટેકટીવોની શી જરૂર છે? પણ હવે તે વિચાર દૂર થઇ ગયા; અને હું તરતજ આ કાર્યમાં પ્રવૃત્ત થયો. નિશાખોર યુરોપીઅનની માફક હું પાસેનાજ રેસ્ટોરન્ટમાં પેઠો. પેલો છદ્મવેશી પણ ત્યાંજ ગયો હતો.

રેસ્ટોરન્ટમાં જતાંજ એક નિશાખોરની માફક મેં બધાનું ધ્યાન મારા તરફ ખેચ્યું અને ચારે તરફ નજર ફેરવી લીધી; પણ પેલો માણસ જણાયો નહિં. હું જરા આગળ જઈ બેસી ગયો. એક માણસે મારો હાથ ખેંચ્યો. હું ઉઠયો તો નહિં પણ ત્યાંજ આળોટી પડયો અને નિશાખોરની માફક બકબકાટ પણ શરૂ કરી દીધો. રેસ્ટોરન્ટનો માલીક મારા પર ઘણોજ ખીજાઇ ગયો. તે ગુસ્સાથી બોલ્યોઃ—" આ જગ્યા સારા માણસો માટે છે લુચ્ચાને ભીખારીઓ માટે નથી. જોન ! આને ઘસડીને બહાર કાઢ, ન જાય તો જોડા મારીને પણ કાઢ."

કાળા ચહેરાવાળા યુરોપીઅન પોશાકના શોખીન જોને, મને ઘસડવા માંડયો. પણ હું તો ત્યાં પથ્થરની માફક ત્યાંજ પડી રહ્યો. એટલામાં કોઇએ મારા પરિચિત સ્વરમાં કહ્યુંઃ—" અરે! જરા થોભ, તારુ જોર કામ નહીં આવે."

આટલું કહી તે માણસ મારા તરફ આવ્યો. મેં તરતજ જોઇ લીધુ કે અવાજ પેલા પારસી જેવો હોવા છતાં તે કેવળ બીજાજ માણસ જેવોજ જણાતો હતો. તેણે મારી પાસે આવતાંજ મારા માથાના વાળ પકડી ખેંચ્યા, પણ તે બનાવટી નહોતા; તેથી મને ઓળખવામાં તે ફાવ્યો નહીં. તેણે મને ખરાબ ગાળો દેતાં કહયું." ઉઠ પાજી! નીશાખોરનો ઢોંગ કરે છે? નિશાખોર કોઇ દિવસ છતા પડી આળોટતા નથી, તે તો ઉંધાજ પડે છે. તારી ચાલાકી હું સમજી ગયો છું, એકદમ ચાલ્યો જા."

તે માણસ જ પેલો પારસી હતો એમ મારો નિશ્ચય દ્રઢ થયો. થોડાજ સમયમાં વેશ બદલવામાં તે કેટલો નિપૂણ છે, તે જોઈ મને ઘણુંજ આશ્ચર્ય થયું. જ્યારે તેણે મને શકની નજરથી જોયો. ત્યારે

ત્યાંજ રહીને તેની હીલચાલ ઉપર દેખરેખ રાખવાનું મને ઠીક ન લાગ્યું. મેં લથડતા સ્વરે કહ્યું.;–" તું કોણ છે! દોસ્ત! શા માટે મારા સુખમાં વિઘ્ન નાંખે છે? જરરરરા—"

" બદમાશ! પૈસા ક્યાં છે?"

" અરે! પૈસા—પૈસા શું કરે છે! લે-એક-બે-દશ-પચાસ-લાખ-" આટલું કહી ખીસામાં હાથ નાંખી રૂપીઆ ખખડાવ્યા; તે સાંભળતાંજ બધા મારી પાસે દોડી આવ્યા. તે રેસ્ટોરન્ટનો માલીક પણ પાસે આવી નમ્રતાથી મને સારી જગ્યાએ સુઇ જવાને આજીજીથી કહેવા લાગ્યો અને પોતાના માણસને ઠપકો આપતાં ધકકો મારી વિદાય કર્યો. મેં વેશ પૂરેપૂરો ભજવવા માટે દારૂ માગ્યો અને પાંચ રૂપીઆ ફેંકયા. દારૂની બાટલી મારી પાસે આવી કે બધા દારૂડીઆ મને ઘેરી વળ્યા. તેમને પણ મેં છુટે હાથે દારૂનું દાન કરવા માંડયું. જોન તથા પેલો છદ્મવેશી પણ તેમાં ભાગ લેવા આવ્યા, પણ તેમણે દારૂ પીધો નહીં. થોડી વારમાં તો બધા બેભાન થઇ ઢળી પડયા. હું પણ ત્યાંજ લેટી ગયો. લગભગ ત્રણ કલાક સુધી ઉંઘી ગયાનું બ્હાનું કાઢી હું પણ ત્યાંજ પડી રહ્યો. જોન તથા છદ્મવેશી માણસ ત્યાંથી ખસ્યા નહીં. રાતના ૧૧ વાગે જોને તે દુકાનના માલીકને કહ્યું:–" હવે કોઈ ઘરાક આવતું જણાતું નથી. દરવાજો બંધ કરૂં?"

" મૅક જેમનું કામ થઇ ગયું?" દુકાનદારે પૂછ્યુ.

" નારેના! મારી ભુલ હતી. જો તેની કાંઈ મતલબ હોય તો આટલો દારૂ શામાટે પીયે?" મૅકે જવાબ દીધો.

" દારૂ પીધાની કાંઇ સાબીતી?" જોને પુછ્યું.

" દારૂ ન પીધો હોય તો ચાર કલાક સુધી એક માણસ, આટલા મચ્છર, ચાંચડ હોવા છતાં મડદાજેવો પડી રહે ખરો?"

" તું એને ઓળખેછે?"

" બરાબર નહીં, પણ દોરાબજીના મકાનમાં આજ જોયો હતો."

" પેલો ગાર્ડ રેટલેન્ડ તો ન હોય?"

" તે હું કહી શકતો નથી. તાંતીઓ આવી પહોંચ્યો હોત તો જરૂર ઓળખત."

"ત્યારે અમે અમારૂં કામ શરૂ કરીએ ?"

"ખુશીથી, મને કાંઇ વાંધો નથી."

પેલા છદ્મવેશીને જોતાંજ હું સમજી ગયો કે તેની કાંઇક ખાસ મતલબ છે. નહિં તો તે દોરાબજીના મકાનની આટલી બધી ખબર કેમ રાખે ? થોડીજ વારમાં જોન અને દુકાનદારે બારણું બંધ કર્યું અને દારૂડીઆઓનાં ખીસાં ખાલી કરવા માંડયાં. તેઓ જ્યારે મારી પાસે આવ્યા ત્યારે મૅક બોલી ઉઠયોઃ–"ખબરદાર ! તે તો મારો શીકાર છે. તેનું ખીસું તો મારા હાથમાં પડવું જોઇએ." મૅકે મારાં ખીસ્સાં તપાસી તેમાંથી એક પચાસ રૂપિઆની નોટ, તથા પાંચ રૂપીઆ રોકડા હતા તે કાઢી લીધા. પણ મારા સદ્‌ભાગ્યે જાકીટનું અંદરનું ખીસ્સું તેણે જોયું નહિં. તે ખીસામાં પેલો લોહીથી લખેલો કાગળ હતો. એ લોકોએ પોતાનું કામ પૂરૂં કર્યા પછી મૅકે તે દુકાનદારને કહ્યુંઃ– "મારો વ્હેમ ખોટો હતો. હું સોગન ખાઇને કહું છું કે આ માણસ રેટલેન્ડ નથી."

"હશે, જવાદો. તેથી આપણને શું નુકશાન છે. આપણું તો ખીસ્સું તર થઇ ગયું. તને કેટલા મળ્યા ?"

"પચાસ રૂપિયાની એક નોટ અને પાંચ રૂપીઆ રોકડા"

"પણ નોટનો નંબર એનીપાસે લખેલો હશે તો ?"

"અરે એ કાંઇ બંદોબસ્ત કરશે તે પહેલાં તો હું નોટનો ખુરદો કરી નાખીશ."

આટલી વાત ચીત પછી ત્રણે જણે મળીને બધા દારૂડીઆઓને ધસડી ધસડીને બહાર કાઢ્યા આટલું બન્યા પછી હું ગુપચુપ ત્યાંથી ઉઠીને વંજોમાપી ગયો. જે વખતે મને બહાર કાઢયો તે વખત મેક-ના હાથ ઉપર V. R. એમ બે અક્ષરો છુંદેલા મને જણાયા હતા. તેથી રુપિઆની વાત ભુલી જઇ V. R. નો શો ભેદ હશે ? એ વિચારમાં ચાલતો થયો.

પ્રકરણ ૭ મું.

મૅકની કપટ જાળ.

હું તેજ રાતના મેટલેન્ડના ઘરનો પત્તો લગાડવાના વિચારથી હું ઓલ્ડ રિક્રિએશન ક્લબના સેક્રેટરીને ઘેર બરાબર સાડા ત્રણ વાગે પહોંચી ગયો. તે મને સારી રીતે ઓળખતા હતા. તેમણે વિસ્મય થઇ પૂછ્યું:—"એવું શું જરૂરી કામ છે, કે તમારે અત્યારે આવવું પડયું?"

"ઓહ! મી. દેરાબજીને તમે ઓળખો છો? તેના પરનું સંકટ જાણો છો?"

"હા. ઓળખું છું. તેમ તેના દુઃખની વાત થોડી ઘણી કમીશ્નર સાહેબ પાસેથી સાંભળી છે."

"તમે જાણતા તો હશો કે કાલે રાતનાજ તેની પુત્રવધુને કોઇ ચોરી ગયું છે. હશે. એતો ઠીક. પણ તમે મને મેટલેન્ડનું ઠેકાણું આપી શકશો?"

"મી. મેટલેન્ડ ૧૫૦ ક્રીક રોડવાળા મકાનમાં રહે છે. તેના પિતા એક મોટા હોદ્દા ઉપર છે."

"માફ કરજો સાહેબ! એજ કામ હતું. આપને આપેલી તસ્દી માટે માફી આપશો" એટલું કહી હું ત્યાંથી નીકળ્યો. રસ્તા ઉપર એક પોલીસ સીપાઇને મળતાંજ તેને ક્રિકરોડ કયાં આવ્યો તે પૂછી ૧૫૦ નંબરવાળા મકાન પાસે પહોંચ્યો. બે ત્રણ બુમો પાડતાંજ મેટલેન્ડ નીચે આવ્યો. બર્ટન પોતાના મકાનપર ચાલ્યો ગયો હતો. મેં તેને બધી હકીકત સંભળાવી. છેવટ અમે એ નિશ્ચય પર આવ્યા કે અમારે ત્રણે જણે મળી એ. મી. દોરાબજીની આ શત્રુઓથી રક્ષા કરવી. મેટલેન્ડનો સ્વભાવ, પરોપકારવૃત્તિ અને લાગણીથી મારૂં હૃદય દ્રવિભૂત થયું, અમે પરસ્પર જીવન પર્યંત મિત્રભાવના સોગન લીધા. પછી મારા ઘરનો નંબર તેને જણાવી હું ત્યાંથી નીકળ્યો. સવાર થતાંજ હું વેશ બદલી પાછો

પેલા રેસ્ટોરેન્ટ ગયો ત્યાં જતાંજ, નિશાખોર અને દારૂનીલતમાં પડેલા મૂર્ખોની શી દશા થાય છે, તે જોતાંજ મારૂં હૃદય કંપી ઉઠ્યું. એ બાબતથી કંટાળો ન આપતાં ત્યાં શું બન્યું તેજ જણાવવું ઠીક થઇ પડશે. જોને મારે માટે તપાસ કરવા માંડી, પણ મારો પત્તો નં લાગવાથી તે ગભરાયો. મૅક નોટ વટાવતાં પકડાઇ ન જાય તે માટે તેણે મારી તપાસ રાખવાને જોનને ફરમાવ્યું હતું હું આ બધો તમાશો અંદર બેઠો બેઠો જોયા કરતો હતો. એટલામાં જોને મારીપાસે આવી મારે શું જોઇતું હતું તે પૂછ્યું.

"તમારે ત્યાં શું શું મળે છે?" મે જવાબમાં કહ્યું.

"તમારે શું જોઇએ છીએ તે તો કહો." જોન બોલ્યો.

"પાઉં-રોટી."

"બધું મળશે, પણ તે અમારા દારૂના ગ્રાહકોનેજ. દારૂ ન લેનારને કાંઇ મળશે નહીં."

મારો વિચાર દારૂ કે બ્રાન્ડી લેવાનો ન હતો. તેમ છતાં જોનને મેળવી લેવા માટે થોડાં દારૂ અને બિસ્કુટ મંગાવ્યાં. દારૂ જોનના હાથમાં આપી હું બોલ્યો:—"તું દારૂ પીજા. હું તો બિસ્કુટ ખાઇને પાણીજ પીશ. દારૂની મને ટેવ નથી." આ સાંભળતાંજ જોનનું મન લલચાયું. તે દારૂ પી જઈ મારીપાસે બેઠો અને થોડા બીજા દારૂની માગણી કરી: દુકાનદારે તેને વધુ દારૂ ન પીવાને કહ્યું તેના જવાબમાં તે બોલ્યો:—"દાતા દાન કરે તેમાં તમારો જીવ કેમ બળે છે? એક ગેલન પી જાઉં તોય કાંઈ હું બેભાન થાઉં તેમ નથી."

મેં બિસ્કુટ પુરા કરતાં કહ્યું:—'ભાઇ! જરા પાણીતો લાવી આપ." તેણે દારૂના સીસામાંજ પાણી આપ્યું; તે પાછું આપતાં મેં સ્વચ્છ પાણી માગ્યું પણ તેણે તો વધુ દારૂની માગણી કરી. મેં તેને વધુ દારૂ પાયો. પછી તે મારો હાથ પકડી બોલ્યો:—

"હે ઇંગ્લંડના રાજા! હે રૂશીઆના ઝાર!! એકવાર મારા મકાનપર તો આવો. જુઓ હું કેટલું ચોખ્ખું પાણી પીવડાવું છું?"

મારે પણ એટલુંજ જોઇતું હતું. અમે ઉઠ્યા એટલે દુકાનદાર બોલ્યો:—"જો જે જલદી આવજે. મને નુકસાન ન થાય."

"હાં, હાં, હવે તારૂ કોણુ સાંભળે છે ? અત્યારે તો હું રાજમંત્રિ છું." જોન જવાબ આપતાં મને લઇ દુકાન બહાર નીકળ્યો. ઘેર ગયા પછી જોને કહ્યું:–"સાહેબ ! અત્યાર સુધીમાંતો હું એક લોર્ડ થાત. એક મોટા ઘરની છોકરી મને ચાહતી હતી. હું પણ એને લીધે બધું ભુલી ગયો હતો. પણ પછી શું થયું તે તો તમે જાણતા હશો."

"નારે ભાઇ ! હુંતો કાંઇજ નથી જાણતો."

"તમે ન જાણો તેનો આશ્ચર્ય છે. તે મારા શિવાય બીજાને ચાહે તેમ નહોતી; છતાં તે બીજાને ચ્હાવા લાગી અને તેની સાથે વિવાહ કરી લીધો પછીની વાતતો તમે જાણોજ છો."

"નારે ભાઇ મને કાંઇ ખબર નથી, ત્યારે શું ! તે [illegible] જીવે છે !"

"હા જીવે છે. મુંબઇમાંજ મોજ કરે છે એમાં કાંઇ શક નથી.

"શું એ ઇંગલંડના કોઈ લોર્ડની છોકરી હતી ?"

"નહે બેવકુફ ! તુ તો મૂર્ખ છે. ગધેડો છે એતો એક પૈસાદાર પારસીની દીકરી છે"

હજી હું તેને વધુ સવાલ કરવા જતો હતો, એટલામાં ત્યાં એક આવી પહોંચ્યો. હું વિમાણુસમાં પડી ગયો. એટલામાં તો તે મારી પાસે આવી બોલ્યાઃ— "આપનું વતન ?"

"અત્યારે તો અહીંજ છે. કાંઇ ખાસ કામ માટે કેટલાક દિવસથી આવ્યો છું."

"તમારૂં નામ શું ? શા કામ માટે આવવું થયું છે ?"

"મારૂં નામ એન્ડ્રુ ફ્રેઝર છે. રસ્તામાં મી. જોન સાથે ઓળખાણ થવાથી અહીં ચાલ્યો આવ્યો. જરા પાણીમાણી પી આરામ કરી ચાલ્યો જઇશ. સાહેબ ! મને જણાવશો કે આપ અહીં શું કરો છો ?"

"મારી બાપિકી સંપત્તિ કેટલીક અહીં છે તે ઉપર ગુજરાન કરૂંછું. નોકરી ચાકરી કરતો નથી. મારું નામ રોટલેંટ. હું અમેરિકાનો રહીશ છું. વધુ જાણવું હોય તો જણાવું છું કે હું હમણાંજ પચાસ રુપિઆની નોટ તોડાવવા બેંકમાં જાઉં છું."

મૅક આ પ્રમાણે કહી તિવ્રદ્રષ્ટિથી મારા મોઢાસામે જોયું. તેનું તેમ કરવાનું કારણ હું તરતજ સમજી ગયો. મેં તેની વાત નિર્ભય-તાથી સાંભળી અને બન્યું ત્યાં સુધી મારો ભાવ બદલાવા ન દીધો. તે ઘણો વખત મારાસામે જોઇ રહયો. પછી બોલ્યોઃ—"તમે એક ભલા માણસ છો. તમારા જેવો બીજો મનુષ્ય ભાગ્યેજ હશે."

"આપે આ બધું શામાટે કહ્યું તે હું સમજી શકતો નથી."

"તમે ઓ. મી. દોરાબજીનું નામ તો સાંભળ્યું હશે!"

"દોરાબજી! દોરાબજીનુ નામ મે પ્રથમ સાંભળ્યું નથી તે કોણ છે?"

"મહાશય! આટલી બધી ચાલાકી કરોછો? કાલે રાતના તમે તેના મકાનમાં નહોતા ગયા?"

હું ઘણુજ જોરથી હસી પડયો. હું પણ તેને મારી જાળમાં ફસાવવા યત્ન કરવા લાગ્યો. આથી તે જરા લજ્જિત થયો. મેં તેને કહ્યું:—"તમારી આવી ગાંડાજેવી વાતો સાંભળી મને ઘણુંજ હસવું આવે છે. શું મને તમે કોઇ બીજો માણસ ધારો છો? તમારી ભુલ થાય છે."

"માફ કરજો સાહેબ! મને મગજનો રોગ છે તેથી વખતે કાંઇ બોલી જવાયું હશે."

આ વખતે જોને પાણીનો ગ્લાસ લાવી રજુ કર્યો. મેકે જલ્દીથી તે ગ્લાસ હાથમાં લઇને કહ્યું:—"છિઃ છિઃ એક સારા માણસ તારે ત્યાં આવ્યા છે તેને કાંઇક ખાવાનું તો આપ." એટલું બોલતાં તેણે જોનને કાંઇક ઇશારત કરી. જોન બોલ્યોઃ—"અરે યાર એ તે શો વ્હેમ! મારાપર તો એમની ઘણીજ કૃપા છે."

"એ તો મને ટેવજ પડી છે, પણ તું કેમ ખુબ નિશામાં છે?"

"અરે હું તો કાંઇ નિશામાં નથી. હિસાબ તો શું, પણ લાપ્લા-સથી ભુલી જવાયલા પેલા ગ્રહનો પુરિઘ કેટલો છે તે પણ બતાવી આપું છું. તારે ચિંતા કરવાની કાંઇજ જરૂર નથી."

"આજ તો આપણે બધા સાથે તારે ઘેરજ નાસ્તો કરીશું."

"હે ઇંગ્લંડેશ્વર! હે જર્મનીના કેસર! આપ બન્ને મામા ભા-

ભેજ આજ મારૂં આતિથ્ય સ્વિકારશો ?—હું પ્રિન્સ બિસ્માર્ક, આપ સાહેબોની સેવા ઉઠાવવામાં હું કાંઈ પણ કસુર રાખીશ નહિં." જોને મતવાલા થતાં કહ્યું.

મૅક મારો હાથ પકડી હસતો હસતો જોનના ઓરડામાં લઇ ગયો. ત્યાં ગયા પછી જોને મૅકને કહ્યું:—"હે કયસર! આપ રાજનીતિજ્ઞ નથી. રાજ્યશાસક માત્ર છો. મારી તિક્ષ્ણ બુદ્ધિ અને આપનું કૌશલ્ય મળતાં ફક્ત જર્મનીજ નહિં પણ આખી દુનિઆ તમનેજ જોશે જરા પણ સન્દેહ રાખવો નહીં"

મૅક હસતાં હસતાં બોલ્યો:—"વધુ રાજ્યની જરૂર નથી. છે તેટલુંજ બસ છે." જોને રોટી અને માખણ લાવી અમારા આગળ મૂકયું. મેં તે ન લેતાં મૅકને કહ્યું:—"મી. રોટલેન્ડ! મને ડીસ્પેપ્સીયાનો રોગ છે. મને ભૂખ નથી. જો હું ખાઈશ તો માંદો પડીશ."

"થોડું ખાવાથી કાંઈ વાંધો નહીં આવે." મૅકે આ શબ્દો પૂરા કર્યા એટલામાં તો મેં એક રોટલીનો કટકો તેની રકાબીમાંથી ઉપાડી મોંમાં મુકી દીધો; અને બોલ્યો:—'મારી રોટી પર માખણ વધુ છે અને હું વધુ માખણ ખાતો નથી."

મૅક તો બાવરા જેવો જોઇજ રહ્યો. તે જરા રહીને બોલ્યો:—"મને પણ માખણ પસંદ નથી. મહાશય બિસ્માર્ક! મને જરા રોટી આપ અને આ મહાશયને સારૂં પાણી આપ."

તેમણે મને ફસાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ હું સાવચેત રહ્યો. તરતજ જોને એક દરવાજો બંધ કર્યો. મેં તેનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે પોલીસ આવે છે. મૅક આ સાંભળી ઉઠી ચાલતો થયો અને બીજો દરવાજો પણ બંધ થયો. મેં તરતજ દરવાજો ખોલવા કહ્યું, પણ તે જવાબ ન આપતાં જોરથી હસી પડયો. એટલામાં એક માણસે દરવાજા આગળ આવી પીસ્તોલ તાકતાં કહ્યું:—"જો જરા આગળ આવ્યો તો મુઓજ સમજજે."

હું તરતજ સમજી ગયો. મારા ખીસામાં પીસ્તોલ માટે હાથ નાખ્યો પણ નોટબુક રૂપીઆ અને પીસ્તોલ બધું ગુમ. ખીસુંજ કાતરી લીધું હતું. થોડો વખત મૅક અને જોન ગુસપુસ વાતો કરી રવાના

થયા, પેલો માણુસ પણ તરતજ ચાલ્યો ગયો. એટલામાં કોઇએ આવી બીજા દરવાજાપર લાત મારી કહ્યું:–" ઘરમાં કોણ છે ?"

" હું એક રસ્તે જતો ફસાઈ પડયો છું. મહેરબાની કરી દરવાજો ઉઘાડો બહારથીજ બંધ છે."

તે આવનાર અંદર આવ્યો અને મને જોતાંજ જાણે ઓળખતો હોય તેમ બોલ્યો:–" હું આપને ઓળખું છું. આપનુંજ નામ મી. રોટલેન્ડ છે ને ?"

" હાંજી. આપનું નામ ?"

" તાનજી માલવણકર આપની કોણે આ દુર્દશા કરી ? ફીરોઝે ?"

" નાજી. જોન નામના દારૂવાળાએ."

" એજ આપની ભુલ છે. તેનું નામ ફીરોઝશાહ રૂસ્તમજી છે. તે મુંબઇ યુનીવર્સીટીનો બી. એ. પાસ થયેલો ગ્રેજ્યુએટ છે. તે કુસંગતથી આવા છંદમાં પડયો છે. તે અહીં છે જાણીનેજ તેને પકડવા હું આવ્યોછું. કેટલીએ વખત તે પોલીસના હાથથી બચી ગયો છે."

" આ તેનું મકાન છે ?"

" કદી આપને તેણે પોતાનું મકાન કહ્યું હશે, પણ આતો મારૂં મકાન છે."

" હેં ? આ શું કહોછો ! આપનું મકાન આવા નિર્જનસ્થાનમાં !"

" હાં. ઓનરેબલ મી. દોરાબજીની પુત્રવધુ ગુમ થઇ ત્યારથી હું અહીં રહું છું."

" આપનો કોઇ માણુસ નહોતો ?"

" હતો; અને તેના દ્વારાજ ફીરોજ અહીં હતો એવી મને ખબર મળી હતી, પણ તે અને તમે બંને ફસાઇ ગયા; અને તે દુષ્ટ નાસી ગયો."

મેં તેને નોટની વાત કરી. અમે બંને બેંકમાં ગયા પણ ત્યાંતો નોટ વટાવાઈ ગઇ હતી. હવે અમે બંનેજણ શું કરવું તે વિચારમાં પડયા. તાનજીએ મને મારૂં દોરાબજીને ત્યાં જવુ, રેસ્ટોરન્ટમાં જવું, વગેરે કહી પોતાની તીક્ષ્ણ દ્રષ્ટિથી મને તાજુબ કરી દીધો. અમે બંને જણે કામમાં પરસ્પર મદદ કરવા પણ લીધું. એક ભારતવાસીની આટલી દીર્ઘદ્રષ્ટિના અને જાસુસીના કામમાં બાહોશી જોઇ મેં મારા મનમાં કોટીશઃ ધન્યવાદ આપ્યા.

પ્રકરણ ૮ મું.

નં. ૪૨ વાળું મકાન.

તારીખ ૨૮ મી જુને સંધ્યા સમયે તાનજી બાગમાં હવા ખાતો હતો તે વખતે એક સ્ત્રીએ ત્યાં આવી તેને કહ્યું:—' મહાશય ! મને બચાવો. એ લુચ્ચાઓ મારી પાછળ પડયા છે."

તાનજી બોલ્યો:—" તું તેમને ઓળખી શકે તો જ્યારે તુ તેમને દેખે ત્યારે પાછું વાળી મારા તરફ જોજે. તું આગળ ચાલ, હું પાછળજ આવું છું." તે સ્ત્રી ચાલવા મંડી. બાગના દરવાજા આગળ તેણે તાનજી સામું જોયું. તાનજીએ તરતજ એક બાજુએ ઉભેલા બે જણને જોયા. તાનજી ઝડપથી બહાર નીકળ્યો, બહાર નીકળતાં નીકળ તાં તેણે તે સ્ત્રીને કહ્યું:—" ડરીશ નહીં. ભાડાની ગાડી કરી ઘેર જા. મારૂં નામ તાનજી છે. ' કામ પડે તો જણાવજે. હું તે લોકોની તપાસ કરીશ."

તે સ્ત્રી ભાડાની ગાડીમાં વિદાય થઇ કે તરત પેલાઓ પણ એક ગાડી લઇ તે ગાડી પાછળ નીકળ્યા. તાનજી પણ ગાડી લઇ તેમની પાછળ પડ્યો. લગભગ આઠ વાગે એક મકાન પાસે તે સ્ત્રીની ગાડી અટકી. સ્ત્રી મકાનમાં ગઇ એટલે પેલાઓ પણ ગાડીમાંથી ઉતરી તે ઘર સામે ઉભા રહ્યા. તાનજી પણ છુપાતો છુપાતો સામેની દુકાન ઉપર બેઠો. તે લોકો તે મકાનને બરોબર જોઇ લીધા પછી, તેનો નંબર લખી લઇ એક હોટલમાં ગયા. તાનજી પણ ત્યાં ગયો. હોટલમાં સામેજ હું એક લાંબી દાઢીવાળા પાદરીના વેશમાં ઉભો હતો. મેં હસતાં હસતાં કહ્યું:—" કેમ ! મી. તાનજી !" તાનજીએ તરતજ મને ઓળખ્યો. મને બાજુપર લઇ જઇ તાનજી બોલ્યો:—" એક સ્ત્રીનો પીછો પેલા બે જણ કરી રહ્યા હતા. તેમની પાછળ હું આવ્યો છું. તે સ્ત્રી ૪૨ નબરના મકાનમાં ગઈ છે."

"તે તો જોન અને મૅક છે."

"ના, ના. તમે ભૂલો છો."

"કાલે રાતના હું તેમની પાછળ પડયો હતો. તે વખતથીજ હું જાણું છું. આજે બાગમાંજ તેઓ મળવાના હતા. તેમણે તમને ઓળખી લીધા છે, કારણ ગાડીમાંથી ઉતરતાંજ તે તમારી વાત કરતા હતા."

"તમે ક્યાંથી સાંભળી?" તાનજીએ પૂછ્યું.

"હું તે વખત ગાડીનો કોચમેન બન્યો હતો. હવે વધુ વખત ન ગુમાવતાં નં. ૪૨ વાળા મકાનના માલીકને સાવચેત કરવો જોઇએ."

"તેને સાવચેત કરવા કરતાં આપણે આ લોકોપર દેખરેખ રાખવીજ ઉચિત છે."

"ઠીક, મને તે મકાન બતાવી દો. અને તમે બાજુએ છુપાઇ રહેજો. ઇલેક્ટ્રીક લાઈટ દેખતાંજ ભય છે એમ જાણજો. તમારે વેશ બદલવાની જરૂર છે" આમ કહી મે તરતજ અમેરિકન ડીટેકટીવોની માફક ચામડાથી તેના મોઢાનો તથા હાથપગનો રંગ બદલી, કપડાં બદલાવી નાખ્યાં; અને એક ટોપી પહેરાવી દીધી, જેના પર Cleopetra V. R. No. 23." લખેલું હતું. તાનજી ખલાસીઓની ભાષા જાણતો હતો તેથી મને ઘણી મદદ મળી. મેં તેને સમજાવવા માંડયો:—

"કલીયોપેટ્રા નામની એક આગબોટ અહીં આવી છે અને તે જાવા જવાની છે. ધીરોઝ અને મૅક તેમાં આવ્યા છે. અને ઉતારૂઓના લીસ્ટમાં તેમનું નામ જે. મેકફર્સન અને એફ. ડીરોઝીઓ છે." મારી આ વાતથી તેતો દિંગજ થઈ ગયો. પછી મેં તેને બીજી કેટલી બાબત જે જરૂરી હતી તે સમજાવી, પેલા હોટલમાં મોકલ્યો. મારા કહેવા મુજબ તેણે પણ બરાબર વેશ ભજવવા માંડયો. ત્યાં જઇ ખલાસીઓની માફક જરા ધાંધલ કર્યા પછી ખાણાનો ઓરડર આપી બહાર એક આરામ ખુરસી નાખી તે બેઠો.

લગભગ અડધી રાતે તે મકાન આગળ એક ભિક્ષુક આવી ગાવા લાગ્યો:—

"સૈયાં તોરે પૈયાં લાગું, બૈયાં ન મરોર."

આ વખતે ધીમેથી તે મકાનનું બારણું ઉઘડયું અને એક સ્ત્રી બત્તી લઇ ત્યાં આવી. તે વખતે તે ભીખારીએ બીજું ગાયન શરૂ કર્યું:—

"અપને દુઃખકી બાત મેં કિસસેં કહુ—"

ભીખારીની આસપાસ કેટલાંય માણુસ ભેગાં થઇ ગયાં. તાનજી પણ તેમાં ભળ્યો. ભીખારીની નજર તે ઉઘાડા બારણા તરફજ હતી. એટલામાં એક દાઇએ આવી કહ્યું:—"અયે ભિખારી! તું જો અંદર આવીને આ ગીત સંભળાવીશ તો બહુ પૈસા મળશે."

"શું તારો શેઠ બહુ દયાળુ છે?"

"મારા શેઠની કન્યા તારૂં ગાણું સાંભળવા ઇચ્છે છે. તે ઘણીજ દયાળુ છે." ભિક્ષુક અંદર ચાલ્યો ગયો. તાનજી આ શો પ્રકાર હશે એમ વિચારતો હોટલ તરફ ગયો.

આ વખત પહેલાં મારે શું થયું તે જણાવવું હું ઉચિત ધારૂં છું. નં૦ ૪૨ વાળા મકાનની આજુબાજુના બાગમાં હું ધીમેથી ઘુસી ગયો; અને ત્યાંના એક દરવાજા આગળ ઉભો. તે મકાનમાં એક પારસી રમણીને બારી આગળ ફરતી જોઇ એક કાગળ ઉપર મે અંધારે ઉભા ઉભા ઉતાવળથી નીચે મુજબ લખ્યું;-

"હું તમને મળવા ચાહું છું. આજ સાંજે જે તમારી પાછળ પડયા હતા, તેમના સંબંધમાં કાંઇક પૂછવું છે. કૃપા કરી નીચે આવશો? એકલાંજં આવજો. કાંઇ ડર નથી. હિતેચ્છુ:-એચ. રોટલેન્ડ."

એક પથ્થરના ટુકડા સાથે મેં તે કાગળ બારીમાં ફેંકયો. થોડીવારે તે સ્ત્રી નીચે આવી. મેં તેની સાથે વાત કરવાની શરૂઆત કરી એટલામાં કોઇનાં પગલાંનો અવાજ આવ્યો. મેં તે તરફ ધ્યાન ન આપતાં તેને પૂછ્યું:-"તમારા પિતાનું નામ?"

'મી૦ ટી. તાતા."

"તમારા પિતા ઘરમાં છે?"

"ના. મારી માતા પણ નથી. પિતા અગિયારવાગે ઘેર આવેછે."

"આજ તમને કોઇનો પત્ર મળ્યો છે?"

"તમને કેવી રીતે ખબર પડી?"

"એ પત્ર ઉપર વિશ્વાસ ન કરશો. તે એક લુચ્ચાએ મોકલ્યો છે" મેં એટલું કહ્યું, એટલામાં કંપાઉન્ડની દીવાલ ઉપરથી એકજણે કહ્યું;– "મહેરબાઇ! આ લુચ્ચાની વાતથી ભોળવાઈ તારૂં ભવિષ્યનું સુખ ખોઇશ નહીં." આટલું કહીને ચાલ્યો ગયો. મેં તે સ્ત્રી પાસે જઇ મારૂં ઓળખાણ આપ્યું અને મને ઘરમાં લઇ જવાને જણાવ્યું. તે હા કહીને ઘરમાં ગઇ. પણ પાછી ન આવી.

મી. તાતા ઘરમાં આવ્યો હોય તેમ જણાયું. થોડીવારમાં વળી કેટલાક માણસોનો પગરવ સંભળાયો. હું એક ઝાડપર ચઢી ગયો. કેટલાક માણસો બાગમાં આવ્યા અને મારી તપાસ કરતા હોય તેમ જણાયા. છેવટે તેઓ બીજી વાતચીત કરવા લાગ્યા. હું પણ ધ્યાન દઇને સાંભળવા લાગ્યો.

"કામ કયારે શરૂ થશે?

"રાતના બાર વાગે"

"અહીં કે બેંકમાં?"

"બેંકમાં. અહી શું છે? અહીંની બેંક તો મહેરબાઈ છે. પણ તે આપણા નસીબમાં કયાં છે?"

"રંગીયા કયાં છે? તેને મળ્યા વગર નહી ચાલે. ચાવી તો તે આપનાર છે.".

"તે કામ મારૂં છે. રંગીયાને બોલાવું છુ કારણકે તે તો મારી–" તે આગળ શું બોલ્યો તે ન સમજાયું મને આ લોકો માટે વિવિધ વિચાર આવવા લાગ્યા. શું આ લોકો બેંક લુંટશે? આ વિચાર આવતાં મને ઘણો ગુસ્સો આવ્યો એટલામાં તેમાંના એકે સીટી મારી. રંગીઆ તરતજ ત્યાં આવી. સીટી મારનારે તેની પાસે બેંકની ચાવી માગી, શરૂઆતમાં રંગીયાએ આનાકાની કરી પેલા માણસને પૂછ્યું:–

"શું મારા શેઠ ઉપરનો બદલો તારાથી લેવાશે?"

"હા, હા. બેંક ઉપર કાલે ત્રીસ હજાર રૂપીયાની હુંડીનો તકાદો છે. ચાવી મારી પાસે હશે તો બેંકથી પૈસા ભરાશે નહીં. બસ એજ મારૂં વેર.".

"તે તો ખોટું. મારા શેઠની આબરુ જાય."

"બસ. આવોજ તારો પ્રેમને! જા આજથીજ આપણો સંબંધ તુટયો, આમ કહી તેણે ચાલવા માંડયું. રંગીયાએ તેનો હાથ પકડી કહયુ:—"કેશવ! ઉભો રહે. ઉતાવળો ન થા, તારા પ્રેમ ખાતર હું ચાવી લાવું પણ તે તો મહેરબાઇ પાસે છે.'

"ફીકર નહિં; તું તેને બ્હાર લાવ. પછી હું છું ને તે છે." રંગીયા મકાનમાં ગઈ, એટલામાં પેલા ભિક્ષુકનો અવાજ સંભળાયો:-

"મેરે દુ:ખકી બતિયાં મૈ કાસે કહું,
કાસે કહું રે સૈયાં કાસે બોલું રે?"

આ સાંભળી કેશવે પોતાના સાથીને કહ્યું:—"આપણી મહેનત ધૂળમાં ગઇ—" વળી અવાજ આવ્યો:--

"મન પછિતૈ હૈ અવસર બીતે,
દુર્લભ દેહ પાઇ હરિપદ ભજુ કરમ બચન અરૂહીતે,
સહસબાહુ દસ બદન આદિ નૃપ, બચે ન કાલ બલીતે,
હુમ હુમ કરિ ધન ધામ સંવારે અન્ત ચલે ઉઠી રીતે-મન૦"

બીજો માણસ બોલી ઉઠયો:--"આતો વિનાયક છે. એ કયાંથી આવ્યો! તેં એને ખતમ કરવાનું માથે લીધું હતું ને?"

"હા. મેં બંદોબસ્ત પણ કર્યો હતો. પણ હવે શું થાય?"

"ગમે તેમ કર. નહિં તો મૅક તારૂ માથું ઉડાડી દેશે ને રૂપિઆ નહીં મળે."

"ઠીક આ વખત હું વિનાયક અને મહેરબાઈબન્નેને ખતમ કરીશ." મારૂં અંતઃકરણ કંપી ઉઠયું. એટલામાં રંગીઆએ આવી કેશવને કાંઇક કહ્યું અને તરતજ ચાલી ગઇ. તાતાની બેન્ક લુંટવાના અને મહેબાઇને લઇ જવાના તેમના વિચારથી મને ઘણું લાગી આવ્યું. મેં તરતજ પીસ્તોલ સંભાળી અને તે બન્નેનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો. એટલામાં રંગીયા મહેરબાઇને લઇ ત્યાં આવી. મહેરબાઇ ત્યાં આવ-

તાંજ બોલી:--"રંગીયા! આતો વિનાયક જેવું જણાય છે. જા. એને અહી બોલાવી લાવ. એક વખત મને એનાં દર્શન કરવા દે."

રંગીયા ત્યાંથી ચાલી ગઈ. કેશવ ધીમે રહીને મહેરબાઇ તરફ આગળ વધ્યો. હું પણ ધીમે રહી ઝાડપરથી ઉતરી તેની પાછળ ગયો. જેવું કેશવે મહેરબાઈનું ગળું પકડયું કે તરતજ મેં પીસ્તોલની નળીથી તેના માથામાં ઘા કરવા શરૂ કર્યા. મહેરબાઈ તેના હાથમાંથી છુટી બુમો પાડવા લાગી. મેં તરતજ કેશવને પકડી એક હાથે વીજળીક બત્તી તાનજીની મદદ લેવા સળગાવી. પણ એટલામાં તો મારા માથાપર લાકડીઓનો પ્રહાર શરૂ થયો અને હું બેભાન થઇ પડયો.



પ્રકરણ ૯ મું.

તાનજી માલવણકર.

તાનજી ખુરસીપર બેઠા એટલામાં પેલા બેજણ આવી પહોંચ્યા. તાનજીના ખુંખારાથી તેમનું ધ્યાન તાનજી તરફ ખેંચાયું મૅકે પાસે આવી પૂછ્યું:-"કેમ સાહેબ! તમે કોણ છો? સ્કોટલેન્ડના માણસ કે?"

"તમે કોણ છો? જલ્દી કહો, મારે કામ છે."

તાનજીએ જોરથી હસતાં કહ્યું.

તાનજીની વાત સાંભળતાં મૅકે એકદમ તેનું ગળું ઘણા જોરથી દબાવવા માંડયું એટલામાં નં. ૪૨ વાળા મકાનમાંથી બુમ સંભળાઇ, અને મારી વીજળીકબત્તી તેના નજરે પડી. બીચારા તાનજીએ બે ત્રણ વખત બત્તી જોઇ પણ તેની તો દુર્દશા થઇ પડી હતી. તેના કેટલાક કાલાવાલા પછી મૅકે તેને જરા છુટો કરતાં પૂછ્યું:—"તમારા વહાણના કપ્તાનનું નામ શું છે?'

"કે. જી. મોરગન. વી.આર."

મૅકે તેને કેટલાક પ્રશ્નો કર્યા. તાનજીએ પણ મારા કહ્યા પ્રમાણે જવાબ આપ્યા અને વધુમાં પોતાનું નામ પણ મારા કહેવા મુજબ હમ્બોલ્ટ બતાવી દીધું અને કહ્યુ:—"તમારૂં કામ કયાં સુધી આવ્યુ છે તથા જાવા તરફ કયારે ઉપડવાનું છે તે જાણવા કપ્તાન સાહેબે મને મોકલ્યો છે."

"અમે અહીં મળીશું તે તમે કેમ જાણ્યું?"

"મને ૪૨ નંબરનું ઠેકાણું મોરગન સાહેબે આપ્યું હતું."

" ઠીક હજુ ૪૨ નંબર વાળાનું કામ પુરૂ થયું નથી. કામ થઇ ગયા પછી, અમે મોરગનસાહેબને મળીશું."

જો કે તાનજીને મારી મદદે આવવાની ચટપટી ઘણી થતી હતી છતાં તેણે ધીમેથી કહ્યું:—" રોટલેન્ડ નામના એક માણસની નજર. આપણા જહાજ ઉપર છે તેથીજ મોરગન સાહેબે મને મોકલ્યો હતો."

" પોલીસની નજર અમારા ઉપર પણ છે તેથી અમે જલ્દીથીજ કામ પુરૂ કરીશું. મોરગનને કહેજો. આપણે ૩૦ મી જુને મુંબઇ છોડીશું."

તાનજી તથા પેલા બન્ને જણે હોટલમાં ખાણું લીધા બાદ તાનજી જવા માટે ઉઠયો; તેને અટકાવી ફીરોઝે એક ચીઠ્ઠી લઇ જવા કહ્યું. તાનજીએ તે લેવા હાથ લંબાવ્યો એટલે ફીરોઝે એક પાન પોતાની ડાયરીમાંથી ફાડી તેના પર કાંઇક લખી તેના હાથમાં મૂકયું. તાનજીએ મારા કહ્યા મુજબજ કાગળ લઇ ક્રોસ ચિન્હ (†) દેખાડયું. એક બોલી ઉઠયો:—" શાબાશ ! તું અમારોજ માણસ છે" આટલું કહી તેણે તાનજીને આપેલો કાગળ પાછો લઇ પોતાના ખીસામાંથી બીડેલો કાગળ આપ્યો અને કહ્યું:—" આ કાગળ કપ્તાનને આપજે. આપણે પરમ દિવસેજ નીકળીશું. હમણાંજ તાતાની બેંકમાં જઇએ છીએ. જો કામ થઇ જશે તો કાલેજ મળીશું."

તાનજીએ ફરી ક્રોસ ચિન્હ બતાવ્યું અને ત્યાંથી નીકળી ચાલ્યો. થોડે દૂર જતાં તેણે એક વાગ્યાનો ટકોરો સાંભળ્યો તે ત્યાં ઉભો અને પોતાનો વેશ બદલી નાખી નજીકમાંજ પહેરો ભરતા એક પોલીસને પોતાનું કાર્ડ આપી સરકારી કામ બાબત તેની પાઘડી તથા ચપરાશ લીધી. વધુમાં તેને કોન્સ્ટેબલ આવે કે તુરત તેને હથીયારબંધ સીપાઇઓ સાથે બેંક આગળ છુપાઇ રહેવાની વરધી આપી અને પોતે નં. ૪૨ વાળા મકાન તરફ ચાલ્યો. મકાનનો દરવાજો અંદરથી બંધ હતો. બારણું ઠોકતાંજ પેલી દાઈ આવી. તેને પેલો ભિક્ષુક કયાં હતો તે પૂછ્યું, પણ તેણે સીધો જવાબ ન આપ્યો. તાનજીએ તેનું ગળું પકડી દમથી પૂછ્યું:—

" જેને તું અંદર બોલાવી ગઇ તે કયાં ?"

" આ ઘરમાં કેદ છે."

"કોણે કેદ કર્યો ?"

"તે નહીં બતાવું—મારો જીવ જશે પણ નહીં કહું."

તાનજીએ તેને ઘણી સમજાવી પણ તે એકની બે ન થઇ; એટલામાં બે માણુસો તે ઘરમાંથી દોડી આવી તાનજી ઉપર તુટી પડ્યા; પણ તાનજીની પીસ્તોલ જોતાંજ નાશી ગયા. તાનજીએ હવે મારે માટે પૂછ્યું. પણ તે કપટી સ્ત્રીએ મનેજ મહેરબાઇ ઉપર આક્રમણ કરનાર તરીકે જણાવ્યો. તાનજીએ કહ્યું:—

"ઠીક, રોટલેન્ડ ક્યાં છે તે બતાવ.

તાનજીનું કહેવું સાંભળી રંગીયા તેને એક ઓરડી આગળ લઈ ગઇ. તાનજીએ મારૂં નામ દઇ બુમ પાડી, પણ કાંઈ જવાબ ન મળ્યો. કારણ મને બેહોશ ઉપાડીને ત્યાં પૂર્યો હતો; પણ તરતજ હું ત્યાંથી પલાયન કરી બેંક તરફ ગયો હતો. તાનજીએ દરવાજો તોડયો, પણ મને અંદર ન જોતાં વિચારમાં પડયો. ત્યાંથી મારી લખેલી ચીઠી તેના હાથમાં આવી; તેમાં મેં લખ્યું હતું.:—

To

"Any police officer—at once to Mr. Tata's Bank.

તેણે આ ચીઠી વાંચતાંજ મી. તાતાને મળવાનું કહ્યું. પણ પેલી પહોંચેલી રંગીઆ એકની બે ન થઇ. છેવટ તાનજી બેંક તરફ ચાલ્યો.

બેંકના દરવાજા આગળ રોજ હથીઆરબંધ પહેરો રહેતો હતો. પણ આજ ત્યાં કોઈ બીજો માણુસ હતો. તાનજીએ પ્રથમ તો સરકારી પોલીસ હોઇ અંદર જવા દેવાને માંગણી કરી, પણ પેલા માણુસે અટકાવવાથી તે સમજી ગયો કે તે પહેરેગીર શત્રુદલનો હતો. તેથી મૅક અને ફીરોઝનું નામ બતાવી, સાથે સંકેતમાં ક્રોસચિન્હ પણ દેખાડયું અને બેંકમાં દાખલ થઇ ચાવી પણ સાથેજ લેતો ગયો. થોડી વાર ગુપચુપ ઉભો રહી ધીમે ધીમે તે ઉપર ગયો; અને પોતાની પાસેની ઇલેકટ્રીક બત્તીથી ધીમે રહી આજુ બાજુ જોયું; એટલામાં ઉપર કોઇનો પગરવ સંભળાયો. છેવટ બત્તી બુજાવી તે ઉપર ગયો. ત્યાં જે રૂમમાં મી.

તાતા બેસતા હતા, ત્યાં જઇ અંધારામાં છુપાઈ ઉભો રહ્યો અને સાં-ભળવા લાગ્યોઃ—

"હવે હું તારા કહ્યા મુજબ નહીં વર્તું."

"કેમ ?"

"શીરીનને હવે હું બેઇજ્જત કરવા નથી માગતો."

આ બંનેની વાતચીત પરથી તાનજી સમજી ગયો કે તે શીરોઝ અને મૅક હતા.

"તું હીચકારો છે !"

"હીચકારો કે બહાદુર પણ હવે તેનું ભુંડું તો નહીજ કરૂં."

આ વખતે એક બાજુથી કોઇ સ્ત્રીનો રડવાનો અવાજ તાનજીએ સાંભળ્યો; અને બીજી બાજુએથી કોઇએ આવી તેના સામે પીસ્તોલ તાકી કહયું;—" જો જરા બોલ્યો તો આવી બન્યું સમજજે."



પ્રકરણ ૧૦ મું.

તાતાની બેન્કમાં.

હું જે વખતે નં૦ ૪૨ વાળા મકાનમાં ચીઠ્ઠી લખી બહાર નીકળ્યો તે વખતે બાગમાં મેં બે માણસોને મહેરબાઈના હાથપગ બાંધી મોંઢામાં ડુચો દઈ ઉપાડી જતાં જોયા. પાછળ પેલો વિનાયક હાથમાં લાકડી લઇ દોડતો હતો. પેલા બે માણસની પાછળ એકજણ હાથમાં લાકડી લઇ ચાલતો હતો. તેના ઉપર વિનાયકે પ્રહાર કર્યો, પણ તે માણસ ન ડરતાં પાછો ફરી વિનાયકપર તુટી પડયો. વિનાયક જમીનપર બેભાન થઇ પડયો. હું છરો કાઢી વિનાયકની મદદે પહોંચ્યો. પણ તે પહેલાં તો પેલા બેજણ દરવાજે ઉઘાડી બાગમાંથી બહાર નીકળી પડયા. બહાર એક ગાડી તૈયાર હતી તેમાં બેસી ચાલતા થયા. મને ભાડાની ગાડી ન મળવાથી પગે ચાલતોજ બેંક તરફ રવાના થયો. અડધાએક કલાકે ત્યાં આવી પહોંચ્યો ત્યારે એક ગાડીવાળાને ત્યાં ઉભેલો જોયો. મૅકનો ભાઇ હોવાનો ઢોંગ કરી. નિશાનીમાં ખાસ ચિન્હ બતાવી મેં તે ગાડીવાળાને બોલાવી કેટલીક વધુ માહિતી મેળવી. હું સહજ સમજી શકયો કે મહેરબાઇને તેમજ શીરીનને પણ બેંકમાં લાવીને રાખવામાં આવી હતી અને શીરીનને લાવનાર પણ તેજ ગાડીવાળો હતો. વળી મેં ગાડીવાળાને પૂછ્યું:—“મૅક પાસે તો પાઈ પણ નહોતી. તે પૈસા કયાંથી લાવ્યો? મને ભાગ આપવો પડે છે તેથી મારાથી બધી વાત છુપી રાખે છે.”

“મી૦ તાતા તેને મદદ કરે છે.” ગાડીવાળાએ પ્રત્યુત્તર આપ્યો.

વળી વિશેષમાં એમ પણ જણાવ્યું કે મી૦ તાતા પોતેજ મૅક અને ફીરોઝ મારફત પોતાની બેન્કમાં ચોરી કરાવનાર છે. આ સાંભળી હું

તો ઘણુાજ વિચારમાં પડી ગયો ગાડીવાળાને જરા વધુ મેળવી લેતાં તેણે એમ પણ જણાવી દીધું કે "આજે જ તેઓ તે બન્ને સ્ત્રીઓને લઇને આગબોટમાં રવાના થનાર છે."

ગાડીવાળા સાથે આટલી વાત કરી હું બેન્કમાં દાખલ થઇ ગયો.

તાનજીને પેલા માણસ સાથે જરા ઝપાઝપી થયા પછી સમય ઓળખી તાનજી ક્રોસ ચિન્હ બતાવી તેના હાથમાંથી છુટો થયો. પેલો માણસ ચાલ્યો ગયો. તાનજી હવે મેક અને ફીરોઝની વાત સાંભળવા લાગ્યો.

"રોટલેન્ડથી હું બહુજ ડરૂં છું. અમારે મુંબઇ જલ્દીથી છોડવું જોઇશું નહિં તો જરૂર ફસી જઇશું. માટે હવે કયારે જવું છે તે કહો." મેકે પૂછ્યું.

"તે હાલ નહિં કહી શકાય." ફીરોઝે જવાબ આપ્યો.

"કહ્યા વિના કેમ ચાલશે? જો તું નહિં માને તો તને છોડીને જવું પડશે."

"આજજ તારે મોઢેથી હું આવા શબ્દો સાંભળું છું. હું નહીં હોઉં તો જેના પૈસા લીધા છે તેનું દેવું શી રીતે ચુકાવીશ?"

"શીરીનને હું લઈ જઇશ તું નાખુશ થાય તેની મને દરકાર નથી."

"શું તું શીરીનને વેચી દઇશ?"

"એવી સુંદરી બીજી કોણ મળશે?"

"કેમ? મહેરબાઇ છે ને?"

"પણ દશ હજારથી શું પુરૂં થાય?

"ગમે તેમ થાય પણ જેને હું નાનપણથીજ ચાહું છું તેને એક નિર્દય રાજાના હાથમાં જીવ જતાં પણ નહીં સોંપુ."

"ત્યારે તેને ચોરી કેમ લાવ્યો?"

"ગમે તેમ પણ શીરીનની આંખોનાં ચોધાર આંસુથી મને ઘણું દુઃખ થાય છે."

મૅક અને રીરોઝની આવી બધી વાતો ચાલી, તાનજી સમજી ચૂક્યો કે આ બે જણજ બધું કારસ્તાન કરનાર છે અને જાવાના રાજાને આ બે સ્ત્રીઓ આપી રૂપીઆ મેળવવાની તેમને લાલસા હતી. વળી એમ પણ જણાઇ આવ્યું કે શીરીનના ઉપર મી૦ તાતાને ક્રોધ હતો અને તેથી તે તેમને મદદ કરતો હતો. રીરોઝ દરવાજો ઉઘાડી ઓરડા બહાર નીકળ્યો. તાનજીના મનમાં તાતા વિષે ઘણા વિચારો આવવા લાગ્યા. શીરીનને તો તાતાની મદદથી તે લોકો લઇ જતા હતા પણ મહેરબાઇનું શું હશે ? એ વિચાર એના મનમાં ઘોળાયા કરતો હતો. એટલામાં મૅક બહાર નીકળ્યો. તાનજી નીચે ઉતરી પડ્યો. મૅક પણ તરતજ નીચે ગયો. ઉતરતાં ઉતરતાં તે જે બબડ્યો તે ઉપરથી તે રીરોઝપર ઘણો ખીજવાઇ ગયો હતો એમ તાનજીને લાગ્યું. જે ઓરડા તરફથી અવાજ આવતો હતો તે તરફ જઇ તાનજી સાંભળવા લાગ્યો:—"રીરોઝ ! જો તું ખરેખરજ મને પ્યાર કરતો હોય તો મને કલંકિત ના કર."

હજી તો તાનજી ત્યાં ઉભો હતો, એટલામાં મેં તેના ખભાપર હાથ મુક્યો. પ્રથમ તો તે ચમક્યો પણ પછી મેં તેને નામ દઈ બોલાવ્યો. મારો અવાજ સાંભળી તેણે મને ઓળખ્યો હું તેને રીરોઝ અને શીરીનની વાત સાંભળવાનું જણાવી મૅકની તપાસ કરવા ગયો. રીરોઝ અને શીરીનની વાત ઉપરથી તાનજી જોઈ શક્યો કે રીરોઝ શીરીનને ખરા અંતઃકરણથી ચહાતો હતો પણ શીરીન ચહાતી નહોતી. તેમનાં લગ્ન નહોતાં થવાં પણ શીરીન રીરોઝને ધિક્કારતી હોવાથી તેને કલંકિત કરવા તેણે ખોટી બુમ ઉડાડી હતી: હું તરતજ આવી પહોંચ્યો; અને તાનજી પાસેથી તેમની વાતનો સાર જાણી લીધો. મૅકનો પત્તો ન લાગ્યો. મને લાગ્યું કે તે તાતાને મળવા ગયો હશે. તાનજીએ રીરોઝને પકડવા જણાવ્યું પણ મેં તે વખત સાહસ કરવા ના પાડી; એટલામાં તો કેટલાક માણસોનો પગરવ સંભળાયો; અમે એક બાજુપર ખસી ગયા, એટલે કેટલાક માણસોને લઈ મૅક ત્યાં આવ્યો અને તે માણસોને ઉદ્દેશીને બોલ્યો:—"ચુપ ચાપ કામ પાર ઉતારી દો; ઝાઝી ગરબડ થાય નહિં."

એમ કહી તે ચાલ્યો ગયો. લગભગ અડધો કલાક થઇ ગયો. રીરોઝ

હજી શીરીન સાથે વાત કરતો હતો. આ વખતે મી. તાતા અને મૅક ઉપર આવ્યા. મૅકે પોતાના માણુસોને ઇસારાથી હઠાવી દીધા અને ફીરોઝને લઇ પહેલા બેઠા હતા તે ઓરડામાં ગયો. અમે આ વખતે શીરીનના ઓરડામાં ગયા. હું શીરીનને મારૂં ઓળખાણુ આપી તેને લઈ નીચેના કોઈ ઓરડામાં લઇ જવા નીકળ્યો. તાનજીને તાતાની વાતો સાંભળવા મૂકયો.

"તેં જે રીતે કામ કરવા વચન આપ્યું હતું તે પ્રમાણે કામ નહીં કરે તો તને પોલીસને હવાલે કરી દઇશ તે ધ્યાન રાખજે." મી૦ તાતા બોલ્યો.

"પોલીસને હવાલે કરવાથી મારા કરતાં આપને વધુ નુકશાન થશે."

"હું તને પકડાવી બેન્ક લુંટવાનો આરોપ મૂકીશ."

"તેમાં મને નુકશાન શું છે? હું સાફ સાફ કહી દઇશ કે ભેગા કરેલા રૂપીઆ હજમ કરી જવા તમે અમારી પાસે જાણી જોઇને ચોરી કરાવવા તજવીજ કરતા હતા, પણુ અમે તમારૂં કહ્યું માન્યું નહીં તેથી તમે આમ કર્યું છે."

"મૅકે બહાર આવી માણુસોને ઇસારત કરી. પછી મી૦ તાતાને બહાર બોલાવ્યા. તેમની પાછળ ફીરોઝ પણુ નીકળવા ગયો, પણુ માણુસોએ તેને તરતજ પકડી લીધો. મી૦ તાતાએ મૅકને કહ્યું:—"ચાલો, જલ્દી ચાલો, શીરીનને મારીજ સાથે લઇ લો."

મૅકે શીરીનવાળા ઓરડાનો દરવાજો ખોલ્યો પણુ તે તેમાં કયાં હતી! શીરીનને તો હું બીજા ઓરડામાં મુકી આવ્યો હતો. મારા પાછા આવ્યા પછી કોઇનો પગરવ સાંભળતાં શીરીન બોલી:—"મી૦ રોટલેન્ડ! મને બીજી જગ્યાએ લઈ જાઓ, મારાથી અહીં નહીં રહેવાય."

આ સાંભળતાં એક બીહણુાકાર માણુસ શીરીન પાસે ગયો અને બોલ્યો;—"તું કોણુ છે?" શીરીને ગભરાઇને અંદરથી દરવાજો બંધ કરી લીધો. એટલે પેલો માણુસ બહારથી સાંકળ ચઢાવી ચાલતો થયો. બિચારી શીરીન! વળી ફસાઇ પડી. હું તરતજ ત્યાં આવ્યો અને શીરીનને ધીમેથી બુમો પાડી, પણુ જવાબ ન મળ્યો એટલામાં કેટલાક માણુસો ત્યાં આવતાં જણુાયાં હું તરતજ બહાર નીકળી રસ્તા ઉપર જતો રહ્યો. શીરીન અંદરજ

હતી. તે સમજી કે મારા તથા તાનજીના માણુસો હશે: તેણે દરવાજો ખોલવા માંડયો તો તેને જણાયું કે બહારની સાંકળ ઉઘાડી હતી. દરવાજો ઉઘાડતાંજ બે માણુસોએ તેને પકડી લીધી; અને તેનાથી થોડેજ દૂર મી. તાતા તથા મૅકને ઉભેલા દીઠા. શીરીન મી. તાતાને સારી રીતે ઓળખતી હતી. કારણુ કે મહેરબાઇનાં લગ્ન માણેકજી સાથે થનાર હતાં. પણુ માણેકજીની મરજી નહીં હોવાથી તે અટકી ગયાં હતાં. મૅક એકદમ બોલી ઉઠયો:--

" તેના મોઢામાં ડુંચો મારી તેની પણુ ફીરોજના જેવીજ દશા કરો. " પછી તાતા તરફ ફરીને બોલ્યો:—" આજ નવ વાગે અમારી આગબોટ છુટશે, હું આજજ આ બધાને લઇ જઇશ, એટલે આપ નિશ્ચિંત છો."

" હજુ સવાર થયું નથી. જેમ બને તેમ જલદી આ લોકોને લઇ જાઓ, એટલે હું પણુ નિશ્ચિંત થઇ ઘેર જાઉં."

શીરીન આ સાંભળી બેભાન થઈ પડી.

પ્રકરણ ૧૧ મું.

કલીઓપેટ્રા ગિરફ્તાર.

બહાર નીકળ્યા પછી પાછો મેં મારો વેશ બદલી નાખ્યો, એટલામાં બે ભાડાની ગાડીઓ ત્યાં આવી. મી. તાતા એક ગાડીમાં પર બેસી ઘર તરફ રવાના થઇ ગયા; અને બીજી ગાડીમાં મૅકના માણુસોએ બેભાન શીરીન, મહેરબાઇ તથા ફીરોઝના હાથ પગ બાંધીને લાવીને નાખ્યાં; અને ગાડીને ઘેરી બંદર તરફ ચાલતા થયા. વધુ વખત ન ખોતાં મેં પોલીસ ઓફીસ તરફ જવા માંડયું. ત્યાં રસ્તામાંજ એક ભીખારી નજરે પડતાં મેં તરતજ ઓળખ્યો કે તે તાનજી હતો. મેં તેના ખભા પર હાથ મૂકયો. તે પ્રથમ ચમકયો પણ પછી મેં તેને બાજુએ લઇ જઇ કહ્યું:-તાનજી! શત્રુ મહેરબાઇ તથા શીરીનને લઈ બંદર તરફ ગયા છે. તમે સીધા પોલીસ કમીશનરપાસે જઇ તેને બધી હકીકત કહો અને આઠ વાગતા ન વાગતામાં કલીઓપેટ્રાને ગિરફ્તાર કરાવવાનો બંદોબસ્ત કરો. જો એમાં જરાપણ ઢીલ થશે તો બધી મહેનત બરબાદ જશે. હું બંદરમાં મળીશ.".

તાનજીના જવાબની રાહ ન જોતાં હું બંદર તરફ ચાલ્યો ગયો

વિશેષ કહેવાની કાંઇજ જરૂર નથી. બીજે દિવસે એટલે તા૦ ૩૦ મી જુને બોમ્બે ટાઇમ્સમાં નીચે પ્રમાણેના સમાચાર પ્રકટ થયાઃ—

પકડાયલો સોનેરી ટાળો.

કલીઓપેટ્રા ગિરફ્તાર.

ગઇ કાલે તા૦ ૨૯ મી જુને મુંબઇમાં એક ભયંકર ઘટના બની ગઈ છે. કાલે સવારે બાહોશ ડીટેકટીવ મી૦ તાનજી માલવણકરે સ્થાનિક

પોલીસ કમીશનરને ખબર આપી હતી કે " ઓનરેબલ મી૦ દોરાબજીની પૂત્રવધુ શ્રીમતિ શીરીનબાઇ તથા સુપ્રસિદ્ધ બેન્કર મી૦ ટાટાની કન્યા શ્રીમતિ મહેરબાઇને કેટલાક માણુસો ગિરફતાર કરી " જાવા ' દ્વીપ લઇ જવા ઇચ્છે છે. તેમને લઇ ક્લીઓપેટ્રા આજે બારવાગે હંકારશે. જો તે વખત આગબોટ ગિરફતાર કરવામાં નહીં આવે તો બદમાશો હાથથી છટકી જશે "

મી. તાનજીની વાત સાંભળી કમીશનર સાહેબ ગભરાઇ ગયા અને ટેલીફોનદ્વારા પોર્ટ કમીશનર મી૦ બેકરને બધી વાત સમજાવી કલીઓ-પેટ્રા ગિરફતાર કરવાને ફરમાવી, મી. તાનજીને સાથે લઇ બંદર તરફ ગયા. પોર્ટ કમીશનરે હુકમ મળતાંજ ડોક પોલીસ ઇન્પેકટર મી. કોકસને કલીઓપેટ્રા ગિરફતાર કરવાને આજ્ઞા આપી. દશ વાગતા પહેલાં તો, કલીઓપેટ્રાને ચારે બાજુએથી વહાણોદ્વારા એવી રીતે ઘેરી લીધી કે કોઇને ખબર પણ ન પડી. પછી મી. કોકસ ૫૦ હથીઆર-બંધ માણુસો સાથે પોર્ટ કમીશનરની નુરજહાન સ્ટીમરમાં કલીઓ પેટ્રાની પાસે ગયા અને પોતાને મળેલો હુકમ સંભળાવ્યો. કપ્તાન રાતો પીળો થઇ ગયો અને, ઝડતી લેવા દેવાને ના પાડી. મી. કોકસે વોરંટ બતાવ્યું છતાં તેણે પરવા કરી નહીં; પરંતુ સ્ટીમર હંકારવાનો ઘંટ વગાડયો. મી. કોકસે પોતાનાં માણુસોને કલીઓપેટ્રા ઉપર ધસી જવાને ફરમાવ્યું. બન્ને તરફથી ગોળીઓ છુટવી શરૂ થઇ ચુકી. જોતા જોતામાં કલીઓપેટ્રા પોલીસથી ભરાઇ ગઇ અને તેમાંનાં બધાં માણુ-સોને કેદ કરી લીધાં. ઝડતી લેતાં સ્ટીમરના છેક નીચેના ખંડમાંથી મીસીસ માણેકજી અને મીસ ટાટા બેહોશ હાલતમાં મળી આવ્યાં. તેમની બાજુની કોટડીમાંથી ફીરોઝ નામનો એક પારસી જુવાન ઘણી ખરાબ હાલતમાં મળી આવ્યો.

કલીઓપેટ્રામાંથી પકડાયલાઓમાં નીચેનાં નામો પણ છે;—કપ્તાન કે. જી. મારેગન, જે. મેકફર્સન, એફ ડૉરોજીઓ (ફીરોઝ) મોહન-તાંતીઆ અને કેશવ. તે સિવાય બીજાં મળી કુલ.૫૦ માણુસો છે. કલીઓપેટ્રા હાલ કમીશનરની સત્તામાં છે. બધાને ચોકીમાં રાખવામાં આવ્યા છે. મરીન કોર્ટમાં ૩ જી જુલાઇએ કેસ ચાલશે.

સાંભળવા મુજબ આ કેસની તપાસમાં મેલ ટ્રેનના ગાર્ડ મી૦

રેટલેન્ડે મી૦ તાનજીને ઘણી મદદ કરી છે. ખુદ મી૦ તાનજી પણ કબુલ કરે છે કે જો મી૦ રેટલેન્ડે મદદ ન કરી હોત તો મીસીસ માણેકજીના ગુમ થવાનો આ "ભયંકર ભેદ" કદી ખુલ્લો ન થાત. એમ પણ કહેવાય છે કે મી. રેટલેંડ એક પ્રખ્યાત અમેરિકન ડીટેક્ટીવ છે

એમ સંભળાય છે કે મી૦ રેટલેન્ડ અને મી. તાનજીના આગ્રહથી અત્રેના શ્રીમંત બેન્કર મી૦ ટાટા અને તેમની દાસી રંગીયાને પણ કેદ કરવામાં આવેલ છે. મી૦ ટાટાના વિરૂદ્ધ શીરીનબાઇને ઉઠાવી લઇ જવાના કાવતરામાં ભાગ લેવાની કેટલીક સાબીતી મળી ચુકી છે મી૦ ટાટાને જામીન પર ન છોડતાં ચોકીમાં રાખવામાં આવ્યા છે. શીરીનબાઇ અને મહેરબાઇની સારવાર સરકારી હોસ્પીટલમાં કરવામાં આવે છે. મી૦ માણેકજીને તેમની સ્ત્રી પાસે રહેવાને છુટ આપી છે."

તા૦ ૩ જી થી ૫ જુલાઇ સુધી કેસ ચાલ્યો, તેમાં મારી, મી૦ તાનજીની, ઓ. મી૦ દોરાબજીની, મી૦ મેટલેન્ડની, મી૦ બર્ટનની, મી૦ માણેકજીની, શ્રીમતિ શીરીનબાઇની અને શ્રીમતિ મહેરબાઇની સાક્ષીથી મૅક અને ફીરોઝ મુખ્ય ગુન્હેગાર સાબીત થઇ ચુકયા. તેમજ મી૦ ટાટા, મોહન તાંતીયા, કેશવ અને રંગિયાના પર ફીરોઝને મદદ કરવાનો ગુન્હો સાબીત થયો. કલીઓપેટ્રાનો કપ્તાન અને ખલાસીઓ ડચ પ્રજા હોવાથી તે માટે ડચ ગવર્નમેન્ટને લખવામાં આવ્યું. આરોપીઓએ પોતાનો ગુન્હો કબુલ કર્યો મૅક તથા ફીરોઝને શીરીન બાઇને ચાલતી ગાડીમાંથી ચોરીજવાના, મન્માડ સ્ટેશન પાસેના જંગલમાં સરકારી કોન્સ્ટેબલનું ખુન કરવાના, ભયાનકરૂપથી મી૦ બર્ટનને ઘાયલ કરવાના, મી૦ તાનજીના મકાનમાં ઝેર દઇને મને મારી નાંખવાની તજવીજ કરવાના અને મહેરબાઇને બેભાન કરી ચોરી લઇજવાના ગુન્હાસર જન્મ કાળાપાણીની સજા કરવામાં આવી.

મી૦ ટાટાને ત્રણ વર્ષના અંધારા કેદખાનાની સજા ફરમાવવામાં આવી. મોહન તાંતીયા અને કેશવને સાત સાત વર્ષની સખ્ત કેદખાનાની સજા કરવામાં આવી. મહેરબાઇની પ્રાર્થનાથી ના. જજે રંગીયાને ચેતવણી આપી છોડી દીધી.

મુંબઈ ગવર્નમેંટે મારાપર તથા તાનજી પર ઘણીજ કૃપા દર્શાવી. મી૦ તાનજીને ઉચ્ચ પદવી આપવા સાથે મને પણ ડીટેકટીવ ખાતામાં મુખ્ય સ્થાન આપવા ઇચ્છા પ્રકટ કરી, પણ મેં નમ્રતા સહિત મારી નામરજી બતાવી.


વિનાયક વાસ્તવમાં એક પારસી યુવક હતો. તેનું નામ હોરમસજી હતું. મહેરબાઇ પાછળ તે દિવાનો થઇ ગયો હતો. મારા અને તાનજીના આગ્રહથી એ. મી૦ દોરાબજીએ તેનું મહેરબાઇ સાથે લગ્ન કરી આપ્યું. સર્વેએ ઘણાજ આનંદથી તેમાં ભાગ લીધો. એ. મી૦ દોરાબજીએ મને ઇનામ તરીકે એક લાખ રૂપીઆ આપવા માંડયા મેં તેમનો આભાર માન્યો, પણ રૂપીઆ ન લીધા. છેવટમાં જબરદસ્તીથી મી. માણેકજીએ મારી આંગળીએ હીરાની એક કીમતી વીંટી પહેરાવી દીધી; અને કહ્યું કેઃ—" આ આપણી મિત્રતાના ચિન્હરૂપ પ્રેમોપહાર છે."

મારે લાચારીથી તે પ્રેમોપહાર ગ્રહણ કરવો પડયો.

પ્રિયપાઠક ! હજી પણ તે પ્રેમોપહાર મારી આંગળીએજ છે !

તમારે કઇ લાદી જોઇએ?

આરસની ઈટાલીયન કે નાવરંગી.



તમે મકાન બાંધતાં પહેલાં એક વખત મુલાકાત લેજો. આરસની કાળી, સફેદ, હરેક માપની લાદી, ઇટાલીયન લાલ, કાળાં અને પીળાં ટાઇલ્સ, ગાલીચા, પ્રીન્ટેડ ટાઇલ્સ, એમ્બોઝડ ટાઇલ્સ, વિગેરે તૈયાર મળશે. કંટ્રાક્ટથી બેસાડી આપવામાં પણ આવશે. ફેન્સી ટાઇલ્સ, તેમજ સીમેન્ટ વિગેરે પણ મળશે.

ફક્ત એકજ વખત પધારો:—

મેસર્સ એલ. કોટવાલની કું.

એલ્ફીસ્ટન સરકલ,

સાસુન બીલ્ડીંગ કોટ—મુંબઇ.